અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા વદ ૯ | અંક : ૨૩૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**સેનેટે આપી મંજૂરી** આ નિમણૂકને અમેરિકાની ટોચની તપાસ એજન્સીના નેતૃત્વ માળખામાં મોટા ફેરફાર તરીકે જોવામાં આવી રહી છે

## ભારતીય મૂળના કાશ પટેલ FBIના નવા ડિરેક્ટર બન્યા

। (એજન્સી) અમેરિકા, તા.૨૧ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના વિશ્વાસુ અને ભારતીય મૂળના કાશ પટેલને ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI)ના નવા ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિમણૂકને અમેરિકાની ટોચની તપાસ એજન્સીના નેતૃત્વ માળખામાં મોટા ફેરફાર તરીકે જોવામાં આવી રહી છે.

યુએસ સેનેટે ટ્રમ્પના કટ્ટર સમર્થક કાશ પટેલની નિમણૂકને ૫૧-૪૯ મતથી મંજૂરી આપી હતી. આ સમય દરમિયાન, બે રિપબ્લિકન – મેઈનના સેનેટર સુસાન કોલિન્સ અને અલાસ્કાના સેનેટર લિસા મુર્કોવસ્કીએ તમામ ડેમોક્રેટ ધારાસભ્યો સાથે આ નિમણૂકનો વિરોધ કર્યો હતો. સેનેટમાં તેમની પુષ્ટિની સુનાવણી દરમિયાન, કાશ પટેલે એફબીઆઈ દ્વારા રાજકીયકરણ અને બદલો લેવાની કાર્યવાહીનો ઈનકાર કર્યો હતો. તેમણે ડેમોક્રેટ્સ પર તેમના ભૂતકાળના નિવેદનોના ભાગોને વિકૃત કરવાનો આરોપ મૂક્યો અને કહ્યું કે અધૂરી માહિતી ઘણીવાર ભ્રામક હોય છે. મહત્વનું છે કે કાશ પટેલ એવા સમયે એફબીઆઈનું નેતૃત્વ સંભાળી રહ્યા છે જ્યારે ન્યાય વિભાગમાં વ્યાપક ફેરફારો થઈ રહ્યા છે. ઘણા ટીકાકારોએ તેમની નિમણૂક પર ટ્રમ્પ તરફી અધિકારીઓ દ્વારા ન્યાય વિભાગની પ્રાથમિકતાઓને ફરીથી આકાર આપવાના પ્રયાસ તરીકે પ્રશ્ન કર્યો છે. સેનેટર્સ કોલિન્સ અને મુર્કોવસ્કીએ અસંમતિ દર્શાવતા કહ્યું કે તેઓ ઈચ્છે છે કે પટેલ કાયદાના અમલીકરણના



સિદ્ધાંતોને બદલે રાજકીય વફાદારીના આધારે FBI ચલાવે. ડોનાલ્ડ ટ્રમ્પ ફરીથી રાષ્ટ્રપતિ બન્યા બાદ ન્યાય વિભાગમાં મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, ટ્રમ્પ વહીવટીતંત્રના પહેલા મહિનામાં જ ૭૫ વરિષ્ઠ વકીલો અને FBI અધિકારીઓએ રાજીનામું આપી દીધું છે, દૂર કરવામાં આવ્યા છે અથવા ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. આ સિવાય ટ્રમ્પ પ્રશાસને ન્યૂયોર્કના મેયર એરિક એડમ્સ વિરુદ્ધ ભ્રષ્ટાચારનો કેસ પણ બંધ કરી દીધો છે, જેમણે માઈગ્રેશન પોલિસી પર ટ્રમ્પ સાથે સહમતિ દર્શાવી હતી.

ટ્રમ્પ અને તેમના સહયોગીઓ પર ન્યાય વિભાગની સ્વતંત્રતાને નબળી પાડવાનો આરોપ છે, જેથી તેમની સામે ચાલી રહેલી કાયદાકીય કાર્યવાહીને રોકી શકાય. નોહ બુકબાઈન્ડર, ભૂતપૂર્વ ફેડરલ પ્રોસીક્યુટર અને વોશિંગ્ટન સ્થિત એથિક્સ ગ્રુપ સિટીઝન્સ ફોર રિસ્પોન્સિબિલિટી એન્ડ એથિક્સના પ્રમુખ, જણાવ્યું હતું કે ટ્રમ્પ વહીવટીતંત્ર તેના ભૂતપૂર્વ વિરોધીઓ સામે બદલો લઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ટ્રમ્પ હંમેશા જસ્ટિસ ડિપાર્ટમેન્ટ અને એફબીઆઈને શંકાની નજરે જોતા આવ્યા છે, ખાસ કરીને ૨૦૧૬ની ચૂંટણી અને તેમની સામે દાખલ થયેલા કેસોની તપાસને કારણે. હવે તેમના વહીવટીતંત્રે સ્પષ્ટ કર્યું છે કે તે ન્યાય વિભાગની નીતિઓને પોતાની રીતે ઢાળવા માંગે છે.

ન્યાય વિભાગના વરિષ્ઠ અધિકારી ચાડ મિઝેલે જણાવ્યું હતું કે હવે વિભાગ ખતરનાક ગુનેગારો સામે પગલાં લેશે, અને રાજકીય બદલો લેવાશે નહીં. જો કે, પ્રોસિક્યુટર્સ કે જેમણે ટ્રમ્પ સાથે સંબંધિત કેસોમાં કામ કર્યું છે તે વારંવાર કહ્યું છે કે તેમના નિર્ણયો સંપૂર્ણપણે ન્યાયી હતા અને કાયદાકીય પ્રક્રિયા પર આધારિત હતા.

### સોનિયા ગાંધીની તબિયતમાં સુધારો, હોસ્પિટલમાંથી રજા મળી



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીને ગુરુવારે સવારે રેગ્યુલર તપાસ માટે સર ગંગા રામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હવે આજે તેમને હોસ્પિટલમાંથી રજા મળી ગઈ છે અને તેમની તબિયતમાં સુધારો છે. સૂત્રોએ જણાવ્યું કે, ડોક્ટરની એક ટીમે તેમને મોનિટર કરી રહી હતી. ૭૮ વર્ષીય સોનિયા ગાંધી જાહેરમાં છેલ્લે ૧૩ ફેબ્રુઆરીના રોજ સંસદના બજેટ સત્ર દરમિયાન રાજ્યસભામાં જોવા મળ્યા હતા. ૧૦ ફેબ્રુઆરીના રોજ સોનિયા ગાંધીએ કેન્દ્ર સરકારને વસતી ગણતરી જલ્દી પૂર્ણ કરવા જણાવ્યું હતું.

બંને પક્ષે શાંતિ બનાવી રાખવા પર થઈ ચર્ચા

## LoC પર ભારત-પાકિસ્તાન વચ્ચે ૭૫ મિનિટ ચાલી ફ્લેગ મીટિંગ

**આ મીટિંગમાં ૨૦૨૧થી જારી સંઘર્ષ પર વિરામ મુકવા, LOC પર ટેન્શન દૂર કરવા સહિત અન્ય ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી**

। (એજન્સી) જમ્મુ, તા.૨૧ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે શુક્રવારે ફ્લેગ મીટિંગ થઈ હતી. જેમાં જમ્મુ-કાશ્મીરના પુંછ જિલ્લામાં લાઈન ઓફ કંટ્રોલ (LOC)પર ગોળીબાર, IED બોમ્બ હુમલાની તાજેતરમાં બનેલી ઘટનાઓ બાદ તણાવ ઘટાડવા મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. બંને દેશોએ સરહદ પર શાંતિ જાળવી રાખવા પર ભાર મૂક્યો હતો. આ મીટિંગ ૭૫ મિનિટ સુધી ચાલી હતી. છેલ્લા કેટલાક સમયથી LOC પર તણાવ જોવા મળ્યો હતો. આ મીટિંગમાં ૨૦૨૧થી જારી સંઘર્ષ પર વિરામ મુકવા, LOC પર ટેન્શન દૂર કરવા સહિત અન્ય ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. તેમાં ભારત તરફથી પુંછ બ્રિગેડના કમાન્ડર અને પાકિસ્તાની સેનાની બે પાકિસ્તાન બ્રિગેડના કમાન્ડર ઉપસ્થિત રહ્યા હતાં.

પાકિસ્તાન અને ભારત વચ્ચે છેલ્લા કેટલાક વર્ષોથી ફ્લેગ મીટિંગ થઈ ન હતી. અગાઉ ૨૦૨૧માં ફ્લેગ મીટિંગ થઈ હતી. પાકિસ્તાન તરફથી સરહદ પર સતત ઘૂસણખોરી પ્રવૃત્તિઓ થઈ રહી હતી. ૧૧ ફેબ્રુઆરીએ જમ્મુમાં LOCના અખનૂર સેક્ટરમાં એક ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સપ્લોસિવ ડિવાઈસ (IED) બ્લાસ્ટમાં એક કેપ્ટન સહિત બે જવાન શહીદ થયા હતાં. પાકિસ્તાન દ્વારા LOC પર સતત તણાવ ઉભો કરવાની હરકતોના કારણે ચિંતા વધી છે. હાલ તેણે ઘણીવખત સીઝ ફાયરનું ઉલ્લંઘન કર્યું છે. બુધવારે રાજૌરીમાં LOC પર ફાયરિંગ થયા હતાં. જો કે, ભારતે પણ તેનો જવાબ આપ્યો હતો. અગાઉ પુંછ સેક્ટરમાં ભારતીય ચોકીઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. ભારતીય સેના અને સુરક્ષા એજન્સીઓ LOC પર ચાંપતી નજર રાખી રહ્યા છે. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે તે તૈયાર છે. પાકિસ્તાન પણ સતત ભારત વિરુદ્ધ ષડયંત્રો રચી હુમલો કરવાની ફિરાકમાં છે. પરંતુ ભારતીય જવાનો પણ તેની દરેક ગતિવિધિનો આકરો જવાબ આપી રહ્યા છે.

### રેલ્વે અને ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝ રાજ્યમંત્રી રવનીતસિંહએ દાહોદના હાર્દ અને ઐતિહાસિક ઓળખ સમા છાબ તળાવની મુલાકાત લીધી




। દાહોદ, તા.૨૧ ।

દાહોદ જિલ્લાના પ્રવાસે આવેલ રેલ્વે ઈલેક્ટ્રોનિક લોકોમોટિવ પ્રોજેક્ટની મુલાકાત માટે આવેલ રાજ્યમંત્રીશ્રી રવનીતસિંહએ સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર સહિત અન્ય અધિકારીશ્રીઓ દ્વારા રેલ્વે વર્ક શોપનું નિરીક્ષણ કર્યા બાદ દાહોદ જિલ્લાના હાર્દ સમા એવ દાહોદની આગવી ઓળખ એવા ઐતિહાસિક છાબ તળાવની મુલાકાત લીધી હતી. કલેક્ટરશ્રી યોગેશ નિરગુડેએ છાબ તળાવની ઐતિહાસિક મહત્વતાની જાણકારી મંત્રીશ્રીને આપી હતી.

આ નિમિત્તે જિલ્લા કલેક્ટરશ્રી યોગેશ નિરગુડે, નિવાસી અધિક કલેક્ટરશ્રી જે.એમ. રાવલ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી રાઠોડ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી ભંડારી, પ્રાંત અધિકારીશ્રી મિલિન્દ દવે, નગર પાલિકા પ્રમુખ શ્રી નીરજ દેસાઈ સહિત રેલ્વેના સિનિયર અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્કૂલે જતી ધોરણ-૧૦ની વિદ્યાર્થીની અચાનક ઢળી પડી

। (એજન્સી) હૈદરાબાદ, તા.૨૧ ।

હાર્ટ એટેકથી યુવાનોના મૃત્યુના કિસ્સાઓ મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. આ દરમિયાન તેલંગાણાનો એક કિસ્સો ચોંકાવનારો છે. ધોરણ ૧૦માં ભણતી ૧૬ વર્ષીય વિદ્યાર્થીની શ્રી નિધિનું હાર્ટએટેકના હુમલાથી મૃત્યુ નિપજ્યું હતું. શ્રી નિધિ સ્કૂલે જતી વખતે તેને હૃદયરોગનો હુમલો આવ્યો હતો. હુમલા પછી તરત જ શ્રી નિધિને હોસ્પિટલ લઈ જવામાં આવી, પરંતુ તેમને બચાવી શકાઈ નહીં.

નરેન્દ્ર મોદીએ સોલ લીડરશીપ કોન્કલેવને સંબોધિત કર્યું

## દરેક ભારતીય વિકસિત ભારત માટે દિવસ-રાત કામ કરી રહ્યો છે : મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોલ લીડરશીપ કોન્કલેવને સંબોધિત કર્યું. કોન્કલેવને સંબોધતા પ્રધાનમંત્રીએ કહ્યું કે રાષ્ટ્ર નિર્માણ માટે નાગરિકોનો વિકાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. દરેક ક્ષેત્રમાં નેતાઓનો વિકાસ જરૂરી છે. પીએમએ વધુમાં કહ્યું કે વિવિધ ક્ષેત્રોમાં ત્યાંના નેતાઓનો વિકાસ ખૂબ જ મહત્વપૂર્ણ છે. પીએમએ એમ પણ કહ્યું કે ભવિષ્યના નેતાઓ બનાવવા માટે, તેમની સાથે કામ કરવું અને તેમને યોગ્ય દિશા આપવી મહત્વપૂર્ણ છે. મોદીએ કહ્યું કે સ્કૂલ ઓફ અલ્ટીમેટ લીડરશીપ (SOUL) ની સ્થાપના 'વિકસિત ભારત' તરફની સફર તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. ખૂબ જ ટૂંક સમયમાં સ્કૂલ ઓફ અલ્ટીમેટ લીડરશીપ (SOUL) નું વિશાળ કેમ્પસ તૈયાર થઈ જશે. પ્રધાનમંત્રીએ કહ્યું, આજે દરેક ભારતીય ૨૧મી સદીના



'વિકસિત ભારત' માટે દિવસ-રાત કામ કરી રહ્યો છે. આવી સ્થિતિમાં, ૧૪૦ કરોડ લોકોના દેશમાં પણ, આપણને દરેક ક્ષેત્રમાં, જીવનના દરેક પાસામાં શ્રેષ્ઠ નેતૃત્વની જરૂર છે. પીએમએ કહ્યું કે આગામી સમયમાં, જ્યારે આપણે રાજદ્વારીથી ટેક ઈનોવેશન તરફ એક નવા નેતૃત્વને આગળ વધારીશું, ત્યારે ભારતનું વર્ચસ્વ તમામ ક્ષેત્રોમાં અનેકગણું વધશે. મોદીએ કહ્યું કે આનો અર્થ એ છે કે ભારતનું સમગ્ર દ્રષ્ટિકોણ અને ભવિષ્ય એક મજબૂત નેતૃત્વ બનાવવા પર નિર્ભર રહેશે.

PM નેતન્યાહૂએ બોલાવી ઈમરજન્સી બેઠક

## ઈઝરાયલ એક પછી એક ૩ બસોમાં બ્લાસ્ટથી હચમચ્યું

। (એજન્સી) જેરૂસલમી, તા.૨૧ ।

ઈઝરાયલના કેન્દ્રીય શહેર બેટ યામમાં ગુરુવારે સાંજે એક પછી એક ૩ બ્લાસ્ટની ઘટના બની. આ મામલે ઈઝરાયલની પોલીસે કહ્યું કે આ હુમલામાં કોઈ જાનહાનિના તો અહેવાલ નથી પણ આ એક મોટો આતંકી હુમલો હોઈ શકે છે. પીએમ નેતન્યાહૂએ આ મામલે તાત્કાલિક ધોરણે ડિફેન્સ મિનિસ્ટર, સૈન્ય પ્રમુખ અને શિન બેટ અને પોલીસ કમિશનર સાથે બેઠક યોજી હતી. પોલીસે એક નિવેદનમાં કહ્યું કે બેટ યામમાં જુદા જુદા સ્થળોએ સ્થળોએ થયેલા બસોના વિસ્ફોટની તપાસ કરવામાં આવી રહી છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ ગુરુવારે તેલ અવીવની અનેક બસોમાં વિસ્ફોટ બાદ વેસ્ટ બેન્કમાં ઓપરેશન કરવા માટે સૈન્યને નિર્દેશ આપ્યો. નેતન્યાહૂના કાર્યાલયે આ ઘટનાને મોટાપાયે હુમલો કરવાનો પ્રયાસ ગણાવ્યો હતો. જોકે કોઈ જાનહાનિના અહેવાલ હજુ સામે આવ્યા નથી. આ બ્લાસ્ટના સમયે બસો ડેપોના પાર્કિંગમાં ખાલી પડી હોવાની જાણકારી મળી રહી છે. આ હુમલા બાદથી પરિવહન મંત્રી મીરી રેગવે દેશમાં તમામ બસ, ટ્રેન અને લાઈટ રેલ ટ્રેન સેવાઓ અટકાવી દેવામાં આવી છે જેથી વિસ્ફોટક ડિવાઈસની તપાસ કરી શકાય.

કેજરીવાલ માટે નવી મુસીબતોની શરૂઆત?

## ૨૪ ફેબ્રુઆરીથી દિલ્હી વિધાનસભાનું પહેલું સત્ર

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ભારતીય જનતા પાર્ટી સરકારે દિલ્હીમાં પોતાનું કામ શરૂ કરી દીધું છે. શપથ સાથે, રેખા ગુપ્તાની સરકાર સંપૂર્ણ એક્શન મોડમાં છે. હવે સરકારે વિધાનસભાનું ખાસ સત્ર બોલાવ્યું છે. આ સત્ર આમ આદમી પાર્ટી અને તેના વડા અરવિંદ કેજરીવાલ માટે મુશ્કેલીઓના નવા તબક્કાની શરૂઆત કરી શકે છે. દિલ્હીની નવી રચાયેલી ભાજપ સરકારે ૨૪મી તારીખથી ૩ દિવસનું ખાસ સત્ર બોલાવ્યું છે. આમાં પ્રોટેમ સ્પીકર બધા ધારાસભ્યોને શપથ લેવડાવશે અને ત્યારબાદ સ્પીકરની પસંદગી કરવામાં આવશે. આ ઉપરાંત, પોતાના વચન મુજબ, ભાજપ સરકાર ૫ વર્ષથી પેન્ડિંગ રહેલા ૧૪ ઝછઈ રિપોર્ટ પણ રજૂ કરશે. ભાજપ સરકાર કથિત દારૂ કૌભાંડ અને



શીશમહલ અંગે ઝછઈ રિપોર્ટ પણ રજૂ કરવા જઈ રહી છે. દિલ્હીમાં ભાજપની જીત બાદ ૮ ફેબ્રુઆરીની સાંજે પાર્ટી મુખ્યાલયમાં કાર્યકરોને સંબોધિત કરતી વખતે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી હતી કે ઝછઈ રિપોર્ટ પહેલા જ સત્રમાં રજૂ કરવામાં આવશે અને ભ્રષ્ટાચારની તપાસ કરવામાં આવશે. પીએમએ કહ્યું હતું કે, 'આપત્તિગ્રસ્ત લોકો પોતાના કૌભાંડને છુપાવવા માટે દરરોજ નવા કાવતરાં ઘડે છે.'

૩૦ વર્ષ પછી મળ્યો દંડ

## મંત્રીની પાસે ગરીબ ક્વોટાનો ફ્લેટ, હવે બે વર્ષની સજા મળી

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

કોર્ટે મહારાષ્ટ્રની દેવેન્દ્ર ફડણવીસ સરકારના મંત્રી માણિકરાવ કોકાટે અને તેમના ભાઈ વિજયને બે વર્ષની જેલની સજા ફટકારી છે. ગરીબો માટે બનાવેલા ફ્લેટ હડપ કરવાના ગુના બદલ તેમને આ સજા આપવામાં આવી છે. આ આખો મામલો ૧૯૯૫નો છે, જેમાં નાસિકની એક સોસાયટીમાં આર્થિક રીતે નબળા વર્ગના લોકો માટે ૧૦ ટકા ફ્લેટ બનાવવામાં આવ્યા હતા. મંત્રીએ આમાંથી એક ફ્લેટ પોતાના નામે રજીસ્ટર કરાવ્યો હતો. આ માટે, તેમણે આવકનું પ્રમાણપત્ર રજૂ કર્યું હતું, જેમાં તેમણે પોતાની આવક ઓછી દર્શાવી હતી. ખોટા દાવાના આધારે દસ્તાવેજો સાથે છેડછાડ અને ફ્લેટ ખરીદવા બદલ તેમની સામે ૩૦ વર્ષથી કેસ ચાલી રહ્યો હતો, જેમાં કોર્ટે કૃષિ મંત્રી મણિકરાવ કોકાટેને ઉચ્ચ અદાલતમાં જવાની મંજૂરી આપી છે. જો ઉચ્ચ અદાલત માણિકરાવ કોકાટેની સજા પર સ્ટે મૂકે તો તેમને રાહત મળશે. પરંતુ જો આવું નહીં થાય તો તેમનું મંત્રી પદ અને વિધાનસભાનું તેમનું સભ્યપદ પણ જોખમમાં મુકાઈ જશે. લોકપ્રતિનિધિત્વ અધિનિયમ હેઠળ, જો કોઈપણ જનપ્રતિનિધિને બે વર્ષ કે તેથી વધુ સજા ફટકારવામાં આવે છે, તો તેનું સભ્યપદ આપમેળે રદ થઈ જશે. આવી સ્થિતિમાં, તેમણે ઉચ્ચ અદાલત તરફથી રાહત પર આધાર રાખવો પડશે.

દિલ્હીના સીએમ રેખા ગુપ્તાનો મોટો નિર્ણય

## પૂર્વ મુખ્યમંત્રીના તમામ અધિકારીઓના સ્ટાફને મૂળ સ્થાને મોકલવામાં આવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

દિલ્હીમાં નવી સરકાર બની છે. મુખ્યમંત્રી રેખા ગુપ્તા અને તેમની કેબિનેટના તમામ મંત્રીઓ પહેલા દિવસથી જ એક્શન મોડમાં જોવા મળી રહ્યા છે. શપથ લીધાના થોડા કલાકો બાદ જ સીએમ રેખા ગુપ્તાએ તેમના કેબિનેટની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં દિલ્હી સંબંધિત ઘણા મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા. હવે દિલ્હીના સીએમ રેખા ગુપ્તાએ પૂર્વ મુખ્યમંત્રીઓ અને મંત્રીઓને આપવામાં આવતી પર્સનલ સ્ટાફની સેવાઓ સમાપ્ત કરવાની જાહેરાત કરી છે. આ સાથે સીએમ રેખા ગુપ્તાએ એવા અધિકારીઓને તેમના મૂળ વિભાગોમાં પાછા મોકલી દીધા છે જેમની અગાઉની સરકાર દ્વારા અન્ય જગ્યાએ નિમણૂક કરવામાં આવી હતી. આ તમામ અધિકારીઓને તેમના મૂળ વિભાગોમાં તાત્કાલિક રિપોર્ટ કરવા માટે કહેવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે ઘણા અધિકારીઓ અને કર્મચારીઓને અન્ય બોર્ડ કોર્પોરેશનમાં ડેપ્યુટેશન પર મોકલવામાં આવ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે એક સમાહ પહેલા પૂર્વ સરકાર દ્વારા તમામ વિભાગો પાસેથી કોન્ટ્રાક્ટ અને પર્સનલ સ્ટાફની માહિતી માંગવામાં આવી હતી, હવે તેમને પેરેન્ટ વિભાગમાં પરત ફરવાનું કહેવામાં આવ્યું છે. દિલ્હીમાં નવી સરકારની રચના બાદ ગુરુવારે કેબિનેટની પ્રથમ બેઠક યોજાઈ હતી. કેબિનેટની બેઠક બાદ મંત્રી મનજિંદર સિંહ સિરસાએ કહ્યું કે દિલ્હી સરકારે 'આયુષ્માન ભારત' યોજનાને લાગુ કરવા માટે મંજૂરી આપી દીધી છે.

બિહારમાં ગમખ્વાર અકસ્માતમાં ૬ના મોત

## મહાકુંભથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની કાર ટ્રકમાં ઘૂસી

। (એજન્સી) આરા, તા.૨૧ ।

બિહારના આરામાં માર્ગ અકસ્માતમાં મહાકુંભથી પરત ફરતાં પરિવારનો અકસ્માત થતાં એકસાથે ૬ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યાં છે. આ ઘટના શુક્રવારે (૨૧ ફેબ્રુઆરી) વહેલી સવારે આરા-મોહનિયા નેશનલ હાઈવે પર પેટ્રોલ પંપ પાસે થઈ હતી. અહીં એક ઊભેલાં ટ્રક સાથે પાછળથી કારે ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે, કારનો ભૂક્કો બોલાઈ ગયો હતો. અકસ્માતમાં સવાર તમામ ૬ લોકોના ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતાં. અકસ્માત બાદ ઘટનાસ્થળે પહોંચેલા પોલીસે તમામ મૃતકોને બહાર કાઢ્યા. મોતને ભેટેલાં તમામ લોકો એક જ પરિવારના હતાં. પરિવાર પટણાના જક્કનપુરનો રહેવાસી હતો અને પ્રયાગરાજ કુંભમાં સ્નાન કરીને પરત ફરી રહ્યો હતો. મૃતકોના પરિવારજનોએ જણાવ્યું કે, તમામ લોકો ગુરૂવારે (૨૦ ફેબ્રુઆરી) મહાકુંભ સ્નાન માટે પ્રયાગરાજ ગયા હતાં. શુક્રવારે (૨૧ ફેબ્રુઆરી) સવારે ઝોકું આવી જવાથી કાર ટ્રક સાથે અથડાઈ હતી. જણાવી દઈએ કે, મૃતકોમાં ૪ મહિલા અને ૨ પુરુષ છે. પટણાના જક્કનપુર સ્થિત સુદામા કોલોની નિવાસી વિશુન દેવ પ્રસાદના દીકરા સંજય કુમાર, પત્ની કરૂણા દેવી, દીકરા લાલ બાબૂ સિંહ તેમની ભત્રીજી અને પ્રિયમ કુમારી છે. આ સિવાય પટણાના કુંભાર નિવાસી આનંદ સિંહની દીકરી આશા સિંહ, ચંદ્રભૂષણ પ્રસાદની દીકરી જૂહી રાની અકસ્માતમાં મોતને ભેટ્યાં છે.

## ન્યૂઝ બ્રિફ

### જૂનાગઢ ભવનાથમાં ૨૨મીથી શિવરાત્રિનો પાંચ દિવસીય મેળો

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૧ ।

જૂનાગઢના ભવનાથ તીર્થ ક્ષેત્રમાં ૨૨મી ફેબ્રુઆરીથી પાંચ દિવસીય શિવરાત્રીનો મેળો પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ મેળાની તૈયારીઓનો ધમધમાટ શરૂ થઈ ગયો છે. જૂનાગઢના ભવનાથમાં ગિરનારના સાનિધ્યમાં ભવ્ય મેળો ૨૨ ફેબ્રુઆરીથી શરૂ થશે. આ મેળામાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે, ત્યારે જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ મેળાના સુચારુ આયોજન માટે ૧૩ વિવિધ સમિતિઓની રચના કરવામાં આવી છે. આ સમિતિઓમાં મુખ્ય સંકલન સમિતિ, મેળા સ્થળ આયોજન સમિતિ, જાહેર સલામતી તથા ટ્રાફિક નિયંત્રણ સમિતિ સહિતની અન્ય મહત્વપૂર્ણ સમિતિઓનો સમાવેશ થાય છે. ગિરનારની ગોદમાં આવેલા ભવનાથ તળેટી વિસ્તારમાં દર વર્ષે મહા વદ-૯ના રોજ આ પરંપરાગત મેળો યોજાય છે.

### લાખો રૂપિયાના MD ડ્રગ્સ સાથે ૨ આરોપીઓ ઝડપાયા

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

સુરતનો ડ્રગ્સ ઈન સુરત સિટી અભિયાન હેઠળ સુરતની ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઉધના રેલ્વે સ્ટેશનના એન્ટ્રી ગેટ પાસેથી બે ઈસમોને જથ્થા સાથે ઝડપી પાડવામાં સફળતા મેળવી છે. શોર્ટકટ રીતે પૈસા કમાવા માટે આ બંને ઈસમો મુંબઈ ખાતેથી ડ્રગ્સ લાવી સુરતમાં પહેલા પકડાઈ ગયા. પોલીસે ૫,૬૫,000નો મુદ્દામાલ કબજે કર્યો છે. જેમાં બંને આરોપીઓને હાલ તેમની કરતૂતને કારણે જેલના સળીયા ગણવાનો વારો આવ્યો છે. નો ડ્રગ્સ ઈન સુરત સિટીનું અભિયાન સુરત પોલીસ લાંબા સમયથી ચલાવી રહી છે. માદક પદાર્થોની હેરાફેરી કરતા માફિઆઓ તથા તેમની ગેંગના સિન્ડિકેટ સભ્યોને પકડી પાડવા માટે સુરત પોલીસ લાંબા સમયથી આ કામગીરી કરી રહી છે. ત્યારે સુરત ક્રાઈમ બ્રાન્ચને માહિતી મળી હતી કે બે ઈસમો એમ.ડી. ડ્રગ્સનો જથ્થો મુંબઈથી લાવી સુરત ખાતે વેચાણ અર્થે આવનાર છે.આ માહિતીના આધારે સુરત ક્રાઈમ બ્રાન્ચની અલગ અલગ ટીમોએ વર્કઆઉટ કરી આરોપીઓને ઝડપી પાડવા માટેની કામગીરી શરૂ કરી હતી. તેવામાં બંને આરોપી ઉધના રેલ્વે સ્ટેશન નજીક આવવાના છે તે માહિતીના આધારે સુરત ક્રાઈમ બ્રાન્ચની ટીમ ઉધના રેલ્વે સ્ટેશનની આસપાસ વોચ રાખેલ હોય જે આધારે ઉધના રેલ્વે સ્ટેશન ગેટ સામે આવેલ ઝીરો નંબર રોડ પરથી બંને આરોપીઓને ઝડપી પાડ્યા.

### તગડો ટોલટેક્સ વસુલતી હાઈવે ઓથોરીટીની ઊંઘ ક્યારે ઉઘડશે?

# નેશનલ હાઇ-વે પર તોડી નાખવામાં આવતા ડિવાઇડરોને કારણે માર્ગ અકસ્માતો વધ્યા

### હાઈ- વે પર ખતરો હાઇ-વે પર નાનાં વાહનોની અવરજવર માટે બનાવાયેલા ખાંચાના લીધે અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે

। (એજન્સી) પોરબંદર, તા.૨૧ ।

પોરબંદર નજીકના બન્ને નેશનલ હાઈ-વે પર ડીવાઈડર તોડી નાખવામાં આવ્યા છે. જેથી માર્ગ અકસ્માતોનું પ્રમાણ વધ્યું છે. પોરબંદર-રાજકોટ અને દ્વારકા-સોમનાથ નેશનલ હાઈવે પર નાના વાહનોની અવરજવર માટે બનાવાયેલા ખાંચાને લીધે અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે,ત્યારે તગડો ટોલટેક્સ વસુલતી હાઈવે ઓથોરીટીની ઊંઘ ક્યારે ઉઘડશે? તેવો સવાલ લોકો ઉઠાવી રહ્યા છે. પોરબંદરથી રાજકોટ તરફ જતા નેશનલ હાઈ-વે અને દ્વારકા પોરબંદર સોમનાથવાળા નેશનલ હાઈવે ઉપર અનેક જગ્યાએ ડિવાઈડરો તોડીને નાના વાહનોની અવરજવર માટે ખાંચા બનાવી નાખવામાં આવ્યા છે, અને તેના કારણે અનેક નાના મોટા અકસ્માત સર્જાઈ રહ્યા છે. ધરમપુર અને વનાણા વચ્ચેના ઓવર બ્રિજ પાસે સૌથી વધુ જોખમી બની ગયેલા ખાચાને કારણે સર્જાતા અકસ્માતમાં લોકોએ જીવ ગુમાવ્યા છે. તેમ છતાં નેશનલ હાઈ-વે ઓથોરિટી જાગતી નથી. અહીંયાથી ટોલનાકુ તદન નજીક છે અને હાઈવે ઓથોરિટીના અધિકારીઓ સહિત કર્મચારીઓ આ રોડ ઉપરથી નીકળે છે અને તેમની નજર સામે આ પરિસ્થિતિ હોવા છતાં આંખ આડા કાન કરી રહ્યા છે. રંગબાઈ થી બોખીરા સુધીના હાઈ-વે ઉપર પણ અનેક જગ્યાએ આ પ્રકારે રસ્તાઓના ડિવાઈડર તોડી



નાખવામાં આવ્યા છે. માટે નેશનલ હાઈવે ઓથોરિટી આળસ ખંખેરીને તાત્કાલિક તેનું સમારકામ કરાવવું જરૂરી બન્યું છે.

### સુરક્ષા જળવાય તે રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે

# ફૂડ ટેસ્ટિંગ માટે પાંચ જીલ્લાઓમાં આધુનિક લેબોરેટરી ઊભી કરાશે

### અમદાવાદ-ગાંધીનગર, જુનાગઢ, મહેસાણા અને વલસાડ ખાતે આધુનિક લેબોરેટરી સ્થાપિત કરવામાં આવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાતના લોકોનું આરોગ્ય અને સુખાકારી જળવાય તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. અમદાવાદની જેમ ગાંધીનગર, વડોદરા, સુરત અને રાજકોટ ખાતે મેડીસિટી પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાના અમારા નિર્ધારમાં હવે પૂર્ણતાની નજીક છીએ. વધુમાં મેડીસિટી અમદાવાદ ખાતે ન્યુરોલોજી ઈન્સ્ટીટ્યુટ બનાવવાની જાહેરાત કરું છું. ખોરાક અને ઔષધના નમૂનાઓની ચકાસણી માટે અમદાવાદ-ગાંધીનગર, જુનાગઢ, મહેસાણા અને વલસાડ ખાતે આધુનિક લેબોરેટરી સ્થાપિત કરવામાં આવશે.

રાજ્યના નાગરિકોની સલામતી અને સુરક્ષા જળવાય તે રાજ્ય સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે. સાયબર સુરક્ષા અને કાયદાના અમલીકરણમાં વિશેષ ધ્યાન કેન્દ્રિમત કરતાં રાજ્ય કક્ષાએ સાયબર સેન્ટલર ઓફ એક્સેલન્સા તેમજ તમામ જિલ્લાઓમાં સાયબર ફોરેન્સિંક લેબ બનાવવામાં આવશે. નાર્કોટિક્સ ડ્રગ્સ અને સાયકોટ્રોપિક પદાર્થોની હેરફેરની ગેરકાયદેસર કામગીરી સામે કડક પગલાં લેવા માટે Anti Narcotics Task Forceનું ઓપરેશનલ યુનિટ ઊભું કરવામાં આવશે. આ તમામ માટે કુલ ૩૫૨ કરોડની જોગવાઈ સૂચવું છું. કાયદો અને વ્યવસ્થાને વધુ અસરકારક બનાવવા SRP, બિન હથિયારી અને હથિયારી પોલીસ કોન્સ્ટેધબલ વગેરે સંવર્ગની ૧૪ હજારથી વધુ ભરતી કરવાનું આયોજન છે. માર્ગ સલામતીના પગલાં વધારવા તથા ટ્રાફિક નિયમોના અસરકારક અમલીકરણ માટે ટ્રાફિક પોલીસની હાજરી વધારવા ૧૩૯૦ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે. ભવિષ્યની પેઢીને સ્વચ્છ પર્યાવરણની ભેટ આપવાના હેતુથી માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા શરૂ કરાયેલ "એક પેડ માઁ કે નામ" અભિયાન થકી ગ્રીન કવચ વધારવા રાજ્યમાં આ વર્ષે ૧૭ કરોડથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે. જેને આગળ વધારતાં રાજ્યમાં લોકભાગીદારીથી વૃક્ષોનું આવરણ વધારવા "હરીત વન પથ" હેઠળ ૯૦ કરોડની જોગવાઈ સૂચવું છું. રાજ્ય સરકારના પેન્શનરોને દર વર્ષે હયાતિની ખરાઈ માટે સંબંધિત કચેરીમાં-બેક્રમાં રૂબરૂ જવું પડે છે.

## વધુ એક વાર સોલામાંથી દારૂ ભરેલી ટ્રક ઝડપાઇ

।(એજન્સી) અમદાવાદ, તા.૨૧।

અમદાવાદ શહેરમાં દારૂની ટ્રક અને ટ્રેઈલર ઠલવાઈ રહ્યા છે. આ ઉપરાંત છેવાડના વિસ્તારમાંથી દારૂની ટ્રકો પણ સલામત રીતે પસાર કરાવવામાં આવી રહી છે. ત્યારે જ સોલામાં એસજી હાઈવે ગોતા બ્રિજ નીચેથી પીસીબીની ટીમે સાઈકલના ટાયરની આડમાં દારૂનો જથ્થો લાવેલા ટ્રકને પકડ્યો છે. ટ્રકમાંથી પોલીસે ૨૧૧૬૮ વિલાયતી દારૂની બોટલ સાથે ડ્રાઈવર અને ક્લીનરને ઝડપી પ્રાથમિક પૂછપરછમાં દારૂનો જથ્થો ચંદીગઢથી લવાયો હતો અને સુરેન્દ્રનગર પહોંચાડવાનો હોવાનું જાણવા મળ્યું હતું. સુરેન્દ્રનગર પહોંચ્યા બાદ લોકેશન મળે ત્યાં દારૂ પહોંચાડવાનો હતો.

શહેરમાંથી દારૂનું દૂષણ દૂર કરવા માટે પોલીસ કમિશનરના સીધા તાબામાં આવતી પીસીબીની ટીમ એક્ટિવ બની ગઈ છે. ત્યારેજ પીસીબી ઈન્સ્પેક્ટર જે. પી. જાડેજાની ટીમને બાતમી મળી હતી કે, દારૂ ભરેલી એક ટ્રક વૈષ્ણવદેવી સર્કલથી સરખેજ તરફ જવાની છે. બાતમીના આધારે પીસીબીની ટીમે ગોતા બ્રિજના છેડે વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ ટ્રક આવી પહોંચતા પોલીસે તેને રોકીને તપાસ કરી હતી. તપાસ દરમિયાન સાઈકલના ટાયરોની આડમાં દારૂનો જથ્થો મળી આવ્યો હતો.

## શટલ રિક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં લૂંટારૂ ટોળકીનો વધતો ત્રાસ

### કડી જવા રિક્ષામાં બેઠેલી મહિલાને બેભાન કરી ૨.૧૯ લાખના રોકડ-દાગીના લૂંટી લીધા

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।

કડી જવા માટે અમદાવાદથી રિક્ષામાં બેઠેલી મહિલાને કેફી પીણું પીવડાવી બેભાન કરી રોકડ અને દાગીના મળી કુલ રૂપિયા ૨.૧૯ લાખની કિંમતની માલમત્તા લૂંટી લેવાઈ હોવાનો બનાવ સાંતેજ પોલીસ મથકમાં નોંધાયો છે.

અડાલજ કેનાલ પાસે રિક્ષા ઉભી રાખી શેરડીનો રસ પીવડાવી ચાર વ્યક્તિએ છેતરપિંડી આચરી હોવાના બનાવ અંગે રિક્ષાચાલક, બે છોકરીઓ અને મહિલા સહિતની ટોળકી સામે સાંતેજ પોલીસમાં ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. મહેસાણા જિલ્લાના કડી તાલુકાના મોખાસણ ગામમાં રહેતા મીનાબેન રાજુભાઈ નાડિયાએ સાંતેજ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવેલી વિગત મુજબ બનાવની વિગત એવી છે કે મીનાબેન તા.૧૮મીના રોજ તેઓ મોખાસણના ઘરેથી અમદાવાદ ખાતે મેમ્કો વિસ્તારમાં તેમના સગાને ત્યાં બેસણામાં હાજરી આપવા સવારે નિકળ્યા હતાં. ત્યાંથી પરત ઘરે જવા માટે બપોરે અઢી વાગે અમદાવાદના સુભાષબ્રિજ સર્કલે ઉભા હતાં. ત્યાં સીએનજી રિક્ષાનો ચાલક કડી જવા માટે બુમો પાડતો હોવાથી તેઓ રિક્ષામાં કડી જવા બેસી ગયા હતાં. ત્યારે અગાઉથી રિક્ષામાં બે છોકરીઓ અને એક મહિલા બેઠેલા હતાં. દરમિયાન રિક્ષા કડી તરફ જઈ રહી હતી ત્યારે બે છોકરીઓ રસ્તામાં ગંધ આવતી હોવાનું કહી વારંવાર સેન્ડનો સ્પે કરતી હતી. દરમિયાન અડાલ કેનાલ નજીક પહોંચતા રિક્ષાચાલકે વાહન ઉભુ રાખ્યુ હતું અને બે છોકરીઓ શેરડીનો રસ લઈને આવી હતી. તેમણે રિક્ષા ચાલક, બીજી મહિલા અને મીનાબેનને પણ રસ પીવડાવ્યો હતો. તે પછી તેઓ બેભાન થઈ જતાં તેમના થેલામાંથી ૧૪ હજારની રોકડ અને કાનમાં પહેરેલા સોનાની વારી અને બુટ્ટી તેમજ ચાંદીના દાગીના મળી કુલ ૧.૯૪ના ઘરેણાં અને મોબાઈલ સહિત કુલ રૂ.૨,૧૯,૫૦૦ની વસ્તુઓ લઈને છત્રાલ નજીક મીનાબેનને રસ્તામાં ઉતારી તમામ લોકો નાસી ગયા હતાં. મીનાબેનને ભાન આવ્યુ ત્યારે ખબર પડી હતી કે તેમની પાસેની થેલીમાંથી રોકડા અને સોના-ચાંદીના દાગીનાની ચોરી કરીને રિક્ષાચાલક સહિતના શખ્સો લૂંટી ગયા છે. આ પ્રકારની ફરિયાદના આધારે સાંતેજ પોલીસે રિક્ષાચાલક સહિત ચાર અજાણી વ્યક્તિ સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે. મુસાફરોની ગેરકાયદે હેરાફેરી કરતા શટલ રિક્ષામાં પેસેન્જરના સ્વાંગમાં લૂંટારૂ ટોળકીનો ત્રાસ વધી રહ્યો હોવાની ફરિયાદો ગાંધીનગર જિલ્લામાં છેલ્લા ગણાં સમયથી ચિંતાજનક રીતે વધી રહી હોવાના બનાવો સામે આવી રહ્યાં છે.

### વડોદરામાં ભૂખી કાંસનું ટેન્ડર આવી ગયું છે, ટૂંકમાં કામ શરૂ થશે

। વડોદરા, તા.૨૧ ।

વડોદરા પાલિકાની બજેટ સભામાં મ્યુનિસિપલ કમિશનર દિલીપ રાણાએ જણાવ્યું હતું કે, વડોદરામાં ફરી પૂર ન આવે તેના નક્કર આયોજનના ભાગરૂપે વિશ્વામિત્રી નદી, અન્ય સરોવરની સાથે શહેરમાંથી પસાર થતાં વિવિધ કાંસની સાફ-સફાઈ અને ઊંડા કરવા તેટલા જ મહત્વના છે. કાંસ અંગે ટેન્ડર મંગાવવામાં આવ્યા છે. સાથોસાથ તેને આનુસંગિક કેટલીક કામગીરી અત્યારથી શરૂ કરી દેવામાં આવી છે. આ માટે નેશનલ હાઈવે જોડે બેઠક કરી કેટલાક પ્લાનિંગ શરૂ કરવામાં આવ્યા છે. શહેર તરફ આવતા કાંસને સાફ કરવા સાથે એને ઊંડા અને પહોળા કરવાનું આયોજન છે. આ સાથે મલ્ટીપલ ચેઈન બનાવવામાં આવશે. જેના દ્વારા કાંસમાંથી પાણી બહાર કાઢવાનું આયોજન છે. કાંસની અંદરની ચેનલ બ્રેક કરીને બનાવીશું. એટલે કાંસમાં ભરાયેલો કચરો બહાર નીકળી જાય અને ભવિષ્યમાં પણ તે સાફ-સફાઈ માટે કામ લાગી શકે. ભૂખી કાસનું ટેન્ડર આવી ગયું છે જેથી તેનું કામ ટૂંક સમયમાં શરૂ થશે.

## ઇજારદારનો છ તાલુકામાંથી માલ પરિવહનનો પરવાનો રદ

। (એજન્સી) સાણંદ, તા.૨૧ ।

વિરમગામમાં સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદાયેલી ડાંગર ખરીદીમાં ખેડૂતો પાસેથી માલ ખરીદ્યા વગર જ ખોટા બિલો બનાવીને ૩.૬૭ કરોડની ઉચાપતના કૌભાંડમાં સાત આરોપીઓ સામે મામલતદારે ફરિયાદ નોંધાવી છે. આ કૌભાંડના સુત્રધાર ડીએસડી ઈજારદાર સુફિયાન મંડલીનો હાલમાં પણ સાણંદ, વિરમગામ, દશક્રોઈ, બાવળા, દેત્રોજ, માંડલમાં રેશનીંગની દુકાનોમાં અનાજ સપ્લાય કરવાનો કોન્ટ્રાક્ટ ચાલતો હોવાનું ધ્યાને આવતા નાગરિક પુરવઠા નિગમે તાત્કાલિક અસરથી ૧૨મીની સવારથી જ સુફિયાન મંડલીને ડીએસડી કામગીરીમાંથી સસ્પેન્ડ કરવાનો હુકમ કર્યો હતો. આ મહિનાના હવે આઠ દિવસ બાકી રહ્યા છે ત્યારે ક્યારે માલ પહોંચશે અને ક્યારે જથ્થો વિતરણમાં મુકાશે તેના પર મોટો પ્રશ્ન ઉભો થયો છે. સરકાર દ્વારા ૨૦ નવેમ્બરથી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ સુધી ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ડાંગરની ખરીદી માટે વિરમગામમાં ખરીદ કેન્દ્ર શરુ કરાયું હતું. આ દરમિયાન ખરીદ અધિકારી એચ.એમ.ઠાકોર, તત્કાલિન ગોડાઉન મેનેજર જિતેન્દ્ર પરમાર, ડીએસડી ઈજારદાર સુફિયાન મંડલી, એગ્રીકલ્ચર એપ્રેન્ટીસ અજય ચૌધરી, વિક્રમ ચૌધરી તેમજ ગ્રેડર અજય મહિડા અને જયંત ઠાકોર સહિત સાતેયે ૧૨૨૧ ખેડૂતો પાસેથી ૧,૧૭,૪૩૩ ક્વિન્ટલ એટલે કે ૩,૩૫,૫૨૪ કટ્ટા ડાંગરનો જથ્થો ખરીદ કર્યાની એમએસપી રિસિપ્ટ બનાવી હતી પરંતુ નિગમના નાયબ જિલ્લા મેનેજર દ્વારા ડાંગરના ભૌતિક જથ્થાની તપાસ કરાતાં ખરીદ કેન્દ્ર ખાતે માત્ર ૨,૪૪,૬૦૯ કટ્ટા જ ઉપલબ્ધ હતા. ઓનલાઈન ખરીદી પ્રમાણે ૯૦,૯૧૫ કટ્ટાની ઘટ જણાઈ હતી, વિજીલન્સની તપાસ બાદ ૧૪૨ ખેડૂતોની એફિડેવીટના આધારે FPP પોર્ટલમાંથી ડાંગર ખરીદીની ૧૪૪ એમએસપી રિસિપ્ટ જેના ૪૨,૮૫૮ કટ્ટા સર્વરમાંથી ડિલીટ કરવામાં આવ્યા હતા છતા હુજુએ ૪૮,૦૫૭ કટ્ટાનો કોઈ હિસાબ ન મળતા તમામ સામે ૩,૬૭,૧૭,૯૫૦ની ઉચાપત કરી કૌભાંડ આચર્યાનું પુરવાર થતાં ખુદ વિરમગામ મામલતદાર એમ.ડી.રાઠોડે તમામ સાતેય સામે ફરિયાદ નોંધાવી હતી. તપાસ દરમિયાન આ કૌભાંડના આરોપી વિરમગામના સુફિયાન મંડલીનો સાણંદ,બાવળા, વિરમગામ, દશક્રોઈ, માંડલ અને દેત્રોજમાં નાગરિક પુરવઠા નિગમ દ્વારા અનાજ પહોંચાડવાના ઈજારાનો ડીએસડી કોન્ટ્રાક્ટ ચાલુ હોવાનું ધ્યાને આવ્યું હતું.

## વિશેષ

### વડોદરા જિલ્લામાં આવાસ યોજનાના સર્વેક્ષણમાં ૧૪૪૧૫ લાભાર્થીઓ નોંધાયા

# પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ ૨.૦ માટે લાભાર્થીઓને શોધવા માટે ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કવાયત







। વડોદરા ।

વડોદરા જિલ્લામાં ઘરવિહોણા લોકોને શોધી તેને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સમાવવા માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વેક્ષણમાં ૧૪૪૧૫ લાભાર્થીઓ નોંધાયા છે. રાજ્ય સરકાર દ્વારા આ વખતના અંદાજપત્રમાં આવાસ યોજનામાં આર્થિક સહાયમાં કરાયેલા માતબર વધારાનો લાભ પણ મળવાનો છે.

જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી હિમાંશુ પરીખે જણાવ્યું કે, હાલમાં ગ્રામીણ વિસ્તાર માટે પ્રધાનમંત્રી આવાસ યોજના માટે એક લાભાર્થીને રૂ. ૧.૨૦ લાખની સહાય આપવામાં આવે છે. જેમાં આવાસ મંજૂરીના સમયે રૂ. ૩૦ હજાર, ઘરનું પ્લીન્થ સુધીના બાંધકામ થવાથી રૂ. ૮૦ હજાર અને પૂર્ણ થવાથી બાકીના રૂ. ૧૦ હજારની ચૂકવણી કરવામાં આવે છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણમાં ઉક્ત રીતે રૂ. ૧.૨૦ લાખ સિવાય રૂ. ૧૨ હજારની સહાય ટોઈલેટ બ્લોક માટે અને ઘર બાંધકામમાં કામ કરવા બદલ પરિવારના એક સભ્યને પ્રતિ દિનના રૂ. ૨૮૦ લેખે ૯૦ દિવસની રોજગારી પેટેની સહાય મનરેગા હેઠળ આપવામાં આવે છે. લાભાર્થી જો તેમના મકાનનું બાંધકામ છ માસની અંદર પૂર્ણ કરે તો તેમને વધારાના રૂ. ૨૦ હજારની સહાય મળે છે. રાજ્ય સરકાર દ્વારા બજેટમાં આવા મકાનના બાંધકામ માટે સહાયની રકમમાં રૂ. ૫૦ હજારની વૃદ્ધિ કરી છે. જેનાથી ગરીબ પરિવારોને ફાયદો થશે. જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરાના માર્ગદર્શન હેઠળ વડોદરા જિલ્લાની ૫૩૦ ગ્રામ પંચાયતોમાં ઘરવિહોણા લોકોનો શોધવા માટે સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. કેન્દ્ર સરકાર દ્વારા ગરીબોને જેઓને ખુલ્લો પ્લોટ હોય, કાચું મકાન હોય તેવા પરિવારોને પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ – ૨.૦ હેઠળ પાકું મકાન બનાવવા ઉક્ત ધોરણે આર્થિક સહાય આપવામાં આવે છે. હાલમાં લાભાર્થીઓના સર્વેક્ષણ કરી ઓનલાઈન ફોર્મ ભરવાની કામગીરી ચાલી રહી છે. આ સર્વેક્ષણમાં બાકી તમામ લાભાર્થીઓને આવરી લેવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. વધુમાં વધુ લાભાર્થીઓ લાભ લે એવો અનુરોધ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દ્વારા પણ કરવામાં આવ્યો છે. આ સર્વેક્ષણની કામગીરી તાલુકા કક્ષાએથી નિયુક્ત કરેલા સર્વેયરો દ્વારા કરવામાં આવી રહી છે. સર્વેયરો દ્વારા લાભાર્થીઓના આધાર કાર્ડ, બેંક પાસબૂકની વિગતો, રેશન કાર્ડ, જોબકાર્ડ વિગતો સાથે મોબાઈલ એપ્લિકેશન દ્વારા રજીસ્ટ્રેશન, અરજી કરવાની કામગીરી કરાઈ રહી છે. તા. ૨૦ સુધીમાં ડભોઈમાં ૧૮૨૦, ડેસરમાં ૧૫૨૨, કરજણમાં ૧૭૪૮, પાદરામાં ૩૭૭૧, સાવલીમાં ૨૧૬૫, શીનોરમાં ૧૩૮૬, વડોદરા તાલુકામાં ૭૮૪ અને વાઘોડિયા તાલુકામાં ૧૨૧૯ લાભાર્થીઓનો સર્વે કરવામાં આવ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# પતિ અને સાસરિયાના સભ્યો સામે 498A હેઠળ કેસ દાખલ કરી શકાય : સુપ્રીમ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

સામાન્ય સમજ છે કે કલમ 498A દહેજની માંગણીઓ પર લાગુ પડે છે. જો દહેજની માંગણી ન કરવામાં આવી હોય તો મહિલાનો પતિ અને પરિવારના સભ્યો આવા કેસમાંથી બચી શકે છે. પરંતુ દેશની સુપ્રીમ કોર્ટે આ અંગે સ્થિતિ સ્પષ્ટ કરી છે. કોર્ટે કહ્યું કે કલમ 498A નો હેતુ મહિલાઓને ઘરેલુ હિંસા, હુમલો અને અત્યાચારથી બચાવવાનો છે. તેનો હેતુ ફક્ત દહેજની માંગણી કરતી કનડગત સામે રક્ષણ આપવાનો નથી. જો કોઈ મહિલાનો પતિ અને સાસરિયાં દહેજ ન માંગે પરંતુ હિંસા અને ત્રાસ તો તેમની સામે કલમ 498A હેઠળ કાર્યવાહી થઈ શકે છે. સામાન્ય માન્યતા એવી



છે કે આ કાયદો ફક્ત મહિલાઓને દહેજ ઉત્પીડનના કિસ્સાઓથી બચાવવા માટે છે. આવી સ્થિતિમાં સુપ્રીમ કોર્ટની આ ટિપ્પણી મહત્વપૂર્ણ છે. ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ પ્રસન્ના બી. એક કેસની સુનાવણી કરી રહ્યા છે. વરાલેએ કહ્યું કે કલમ 498A નો મુખ્ય હેતુ ક્રૂરતાને રોકવાનો છે. તે ફક્ત દહેજ ઉત્પીડનના કેસોનો સામનો કરવા વિશે નથી. બેન્ચે કહ્યું કે જો સાસરિયાઓ દહેજની માંગણી ન કરતા હોય, પરંતુ મહિલાને શારીરિક અને માનસિક રીતે હેરાન કરવામાં આવી રહી હોય, તો તેમની સામે કાર્યવાહી થઈ શકે છે. ૧૨ ડિસેમ્બર, ૨૦૧૪ ના રોજ જારી કરાયેલા આદેશમાં કહેવામાં આવ્યું હતું કે, 'આ કલમ હેઠળ ક્રૂરતાને વ્યાખ્યાયિત કરવા માટે દહેજની માંગણી જરૂરી નથી.' આંધ્રપ્રદેશ હાઈકોર્ટના આદેશને ફગાવી દેતા સુપ્રીમ કોર્ટે આ નિર્ણય આપ્યો. એ.ટી.માં હાઈકોર્ટે. રાવ સામે 498A હેઠળની કાર્યવાહી રદ કરવામાં આવી હતી. હવે સુપ્રીમ કોર્ટે તે આદેશને જ ફગાવી દીધો છે. એ.ટી. રાવ પર તેની પત્નીને માર મારવાનો આરોપ હતો. આ ઉપરાંત, રાવે તેની પત્નીને તેના સાસરિયાના ઘરમાંથી કાઢી મૂકી હતી. પત્નીએ કહ્યું કે તેણીએ ઘણી વાર તેના સાસરિયાના ઘરે પાછા ફરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેને અંદર જવા દેવામાં આવી નહીં. આ પછી પત્નીએ પોલીસનો સંપર્ક કર્યો અને તપાસ બાદ રાવ અને તેની માતા વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો. રાવ અને તેમની માતાએ આ કેસ સામે હાઈકોર્ટમાં અરજી કરી, જ્યાં કેસ રદ કરવામાં આવ્યો. પરંતુ હવે જ્યારે તેમની પત્નીએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો છે, ત્યારે હાઈકોર્ટના નિર્ણય પર સ્ટે મૂકવામાં આવ્યો છે. હકીકતમાં, રાવ અને તેની માતાએ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે કલમ 498A હેઠળ તેમની સામે કેસ કરી શકાય નહીં કારણ કે તેમણે ન તો દહેજની માંગણી કરી હતી કે ન તો તેના માટે તેણીને હેરાન કરી હતી. આ અરજી હાઈકોર્ટે સ્વીકારી લીધી હતી. ત્યારબાદ આરોપીની પત્નીએ સુપ્રીમ કોર્ટનો સંપર્ક કર્યો. અહીં પણ, એટી રાવે કહ્યું કે તેમની સામે કોઈ કેસ કરી શકાય નહીં કારણ કે તેમણે ન તો દહેજ માંગ્યું હતું કે ન તો તેના માટે તેણીને હેરાન કરી હતી. આના પર, બેન્ચે કલમ 498A ની જોગવાઈઓ અંગેની સ્થિતિ સ્પષ્ટ કરી. બેન્ચે કહ્યું કે આ કાયદો મુખ્યત્વે ક્રૂરતા અને હિંસાના કેસોનો સામનો કરવા માટે છે. દહેજ માંગ્યા વિના પણ આ કરી શકાય છે.

## ન્યૂઝ બ્રિફ

### CMOમાં કેજરીવાલની એક નિશાની જેમની તેમ રાખતા નવા મુખ્યમંત્રી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ભારતીય જનતા પાર્ટી ની સરકારે દિલ્હીમાં પોતાનું કામ શરૂ કરી દીધું છે. શપથ ગ્રહણ સમારોહ પછી તરત જ રેખા ગુપ્તા સરકાર સંપૂર્ણ એક્શનમાં જોવા મળ્યા હતા. કાર્યભાર સંભાળ્યા પછી, મુખ્યમંત્રીએ યમુના આરતી કરી અને પછી સાંજે કેબિનેટની બેઠકમાં કેટલાક મહત્વપૂર્ણ નિર્ણયો લીધા હતા. જોકે નવા મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ CMOમાં કેજરીવાલની એક નિશાની જેમ ની તેમ રાખી છે. આ બધી ધમાલ વચ્ચે સીએમ ઓફિસમાં અરવિંદ કેજરીવાલનો એક એવો નજારો જોવા મળ્યો, જેને જોઈને આમ આદમી પાર્ટી પણ ખુશ થઈ ગઈ હશે. મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ પદ સંભાળ્યા બાદ સચિવાલય સ્થિત કાર્યાલયની અંદર પત્રકારો સાથે વાત પણ કરી હતી. સીએમની પાછળની દિવાલ પર બાબા સાહેબ ભીમરાવ આંબેડકર અને ભગત સિંહની એ જ તસવીરો જોવા મળી હતી જે અરવિંદ કેજરીવાલના સમયમાં જોવા મળી હતી. ૨૦૨૨માં આમ આદમી પાર્ટીએ દિલ્હી અને પંજાબ સરકારની તમામ ઓફિસોમાં આ બે મહાપુરુષોની તસવીરો લગાવી હતી.

### દિલ્હી પરિવર્તનનું શહેર, સત્તાધીશો પણ ગુજરાતમાં પરત ફરશે : રાઉત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ઉદ્ધવ ઠાકરે સેનાના નેતા સંજય રાઉતે નામ લીધા વિના પીએમ નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમમાં કહ્યું હતું કે બહારના લોકો દિલ્હીમાં આવીને રાજ કરે છે. આ પછી તેઓ શાસન કરે છે અને ચાલ્યા જાય છે. સંજય રાઉતે કહ્યું કે જો કોઈ વ્યક્તિ કાયમી સ્થાયી થવાના ઈરાદાથી દિલ્હી આવે છે તો તે તેમ કરી શકતો નથી. રાજ્યસભા સાંસદ રાઉતે કહ્યું, 'આ પરિવર્તનનું શહેર છે. બહારના લોકો અહીં આવે છે, રાજ કરે છે અને પાછા જાય છે. આજે દિલ્હી પર રાજ કરનારાઓને પણ પાછા ફરવું પડશે. કેટલાક લોકો રાજસ્થાન પાછા ફર્યા છે અને કેટલાક મહારાષ્ટ્ર પાછા ફર્યા છે અને કેટલાક ગુજરાત પાછા ફરશે. આ દરમિયાન તેમણે શરદ પવારની પ્રશંસા કરી અને કહ્યું કે તેઓ એવા નેતા છે જેમને મહારાષ્ટ્રના લોકો દિલ્હીમાં જોવા માંગે છે. નિલેશ કુમાર કુલકર્ણી દ્વારા લખાયેલ પુસ્તક 'સાંસદ તે સેન્ટ્રા વિસ્ટા' ના વિમોચન પ્રસંગે બોલતા રાઉતે કહ્યું, 'શરદ પવાર અમારા વિરોધી નથી. તે ક્યારેય અમારા દુશ્મન રહ્યા નથી. તે આપણા માર્ગદર્શક અને નેતા છે. ''તે આપણા મહાદજી શિંદે છે.'

### આઈએએસ અધિકારીની પોસ્ટ પર હસવાની સજા મળી

। (એજન્સી) દીસપુર, તા.૨૧ ।

મહિલા IAS અધિકારીની ફેસબુક પોસ્ટ પર પ્રતિક્રિયા આપીને મુશ્કેલીમાં મુકાયેલા એક પુરુષને જામીન મળી ગયા છે. જોકે, આ માટે તેણે સેંકડો કિલોમીટરની મુસાફરી કરવી પડી. વાત જાણે એમ છે કે અધિકારીની એક પોસ્ટ પર કોમેન્ટ કરવામાં આવી હતી, જેના પર તેમણે વાંધો ઉઠાવ્યો હતો. મામલો વધુ વકર્યો અને મહિલા IAS એ પોલીસમાં ફરિયાદ નોંધાવી. આસામના નલબારી શહેરમાં IAS અધિકારી વર્નાલી ડેકાની પોસ્ટ પર 'હાહા' ઈમોજી સાથે પ્રતિક્રિયા આપવાના કેસમાં અમિત ચક્રવર્તી નામના વ્યક્તિને જામીન મળી ગયા છે. સાયબર સ્ટોકિંગ અને વાંધાજનક ટિપ્પણીઓમાં સંડોવાયેલા આરોપીને કોકરાઝાર કોર્ટમાંથી જામીન મળી ગયા છે. ખાસ વાત એ છે કે આ શરતી જામીન માટે ચક્રવર્તીને ૨૭૩ કિમીનું અંતર કાપવું પડ્યું. ફરિયાદ બાદ, ચક્રવર્તીને તેમના ઘરથી ૨૭૩ કિમી દૂર કોકરાઝાર કોર્ટમાં પણ સમન્સ પાઠવવામાં આવ્યું હતું. ચક્રવર્તી ઉપરાંત, મહિલા IAS અધિકારીએ નરેશ બરુઆ અને અબ્દુલ સુબૂર ચૌધરી નામના બે અન્ય લોકો સામે પણ ફરિયાદ નોંધાવી હતી. વર્ષ ૨૦૨૩માં, બરુઆએ IAS અધિકારીની ફેસબુક પોસ્ટ પર ટિપ્પણી કરી હતી, 'મેડમ, તમે આજે મેકઅપ નહોતો કર્યો?' ચક્રવર્તીએ આ ટિપ્પણી પર 'હાહા' ઈમોજી સાથે પ્રતિક્રિયા આપી.



નવી દિલ્હીમાં ૯૮મા અખિલ ભારતીય મરાઠી સાહિત્ય સંમેલનના ઉદ્દ્ઘાટન સમયે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દીપ પ્રગટાવામાં આવ્યો.

પાક. દ્વારા યુએન લિસ્ટેડ ૨૦થી વધુ આતંકી સંગઠનોને આશ્રય

## ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનને આતંકવાદનું વૈશ્વિક કેન્દ્ર ગણાવ્યું

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧।

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકમાં ભારતના રાજદૂતે પાકિસ્તાનને કડક શબ્દોમાં ઠપકો આપ્યો છે. ભારતે કહ્યું કે ભારત જૈશ-એ-મોહમ્મદ જેવા સંગઠનો દ્વારા પાકિસ્તાનના આતંકવાદી કૃત્યોનો ભોગ બન્યું છે. આ એક મોટી વિડંબના છે કે આતંકવાદનું વૈશ્વિક કેન્દ્ર (પાકિસ્તાન) આ ખતરા સામે લડવાનો દાવો કરીને પોતાની પીઠ થપથપાવે છે.ચીનની અધ્યક્ષતામાં થયેલી આ બેઠકમાં પાકિસ્તાનના નાયબ વડા પ્રધાન અને વિદેશ પ્રધાન મોહમ્મદ ઈશાક ડારે જમ્મુ અને કાશ્મીર પર ટિપ્પણી કરી હતી. આ પછી સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના રાજદૂત પર્વતનેની હરીશે દેશનું વલણ કડક શબ્દોમાં સ્પષ્ટ કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, પાકિસ્તાન આતંકવાદનું વૈશ્વિક કેન્દ્ર છે, જે ૨૦થી વધુ યુએન-લિસ્ટેડ આતંકવાદી સંગઠનોને આશ્રય આપે છે અને સરહદ પાર આતંકવાદને સમર્થન પૂરું પાડે છે.હરીશે જણાવ્યું હતું કે આતંકવાદનો ગમે તે ઉદ્દેશ્ય હોય તેને વાજબી ઠેરવી શકાય નહીં. આ સંગઠન સારા અને ખરાબ આતંકવાદીઓ વચ્ચે કોઈ ભેદ કરી શકતું નથી. ડારે આ તરફ ધ્યાન આપવું જોઈએ અને કાઉન્સિલનો સમય બગાડવો જોઈએ નહીં. જમ્મુ અને કાશ્મીર હંમેશા ભારતનો અભિન્ન અને અવિભાજ્ય અંગ હતો, છે અને રહેશે.

ફેમિલી કોર્ટમાં પૂરી થઈ કાનૂની પ્રક્રિયા

## યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના છૂટાછેડા પર આખરે કોર્ટની મહોર

### મુંબઈની ફેમિલી કોર્ટમાં ઔપચારિકતાઓ પૂરી કરી દીધી, પરસ્પર સંમતિથી અલગ થયાનો નિર્ણય

।(એજન્સી) નવી દિલ્હી, તા.૨૧।

ભારતીય ક્રિકેટ જગતના જાણીતા ખેલાડી યુઝવેન્દ્ર ચહલ અને તેમની પત્ની ધનશ્રી વર્મા હવે કાયદાકીય રીતે અલગ થઈ ગયા છે. તેમના છૂટાછેડાની ઔપચારિક પ્રક્રિયા આજે મુંબઈની ફેમિલી કોર્ટમાં પૂર્ણ કરવામાં આવી છે. યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્મા, જેમણે થોડા વર્ષો પહેલા લગ્ન કર્યા હતા, તેઓએ પરસ્પર સંમતિથી છૂટા થવાનો નિર્ણય લીધો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માને આજે બાંદ્રા સ્થિત ફેમિલી કોર્ટમાં બોલાવવામાં આવ્યા હતા. ત્યાં તેઓએ છૂટાછેડા સંબંધિત બાકી રહેલી કાર્યવાહી પૂર્ણ કરી. અપેક્ષા છે કે આજે સાંજે ૪ વાગ્યે બંને કોર્ટમાં જજ સમક્ષ હાજર થયા અને તેમને છૂટાછેડાનું સત્તાવાર પ્રમાણપત્ર સોંપવામાં આવ્યું. કોર્ટમાં હાજર રહેલા એક વકીલે પણ આ વાતની પુષ્ટિ કરી છે કે ચહલ અને ધનશ્રીએ સંમતિથી છૂટા થવાનો નિર્ણય લીધો છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના સંબંધોમાં તિરાડ અને તેમના છૂટાછેડાની અફવાઓ સોશિયલ મીડિયા પર વહેતી થઈ હતી. જો કે, આ અફવાઓ પર અત્યાર સુધી કોઈ સત્તાવાર સમર્થન પ્રાપ્ત થયું નહોતું. પરંતુ હવે, આ અફવાઓ વાસ્તવિકતામાં પરિણમી છે અને ક્રિકેટ ચાહકો અને તેમના અનુયાયીઓ માટે આ સમાચાર આઘાતજનક છે. કોર્ટમાં હાજર થતા પહેલાં, યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્મા બંનેએ સોશિયલ મીડિયા પર રહસ્યમય પોસ્ટ મૂકી હતી. યુઝવેન્દ્ર ચહલે ભગવાનનો આભાર માનતા લખ્યું હતું કે ભગવાન હંમેશા તેમની સાથે રહ્યા છે અને એવી ઘટનાઓ અસંખ્ય છે. જ્યારે ધનશ્રી વર્માએ તણાવમાં રહેવાને એક આશીર્વાદ ગણાવ્યું અને કહ્યું કે ભગવાને બધું સારું જ કર્યું હશે. હાલમાં જ યુઝવેન્દ્ર ચહલ ઈન્સ્ટાગ્રામ પર સતત પોસ્ટ કરતો જોવા મળી રહ્યો છે. તે એક પછી એક અનોખા અંદાજમાં ચાહકોની વચ્ચે જોવા મળી રહ્યો છે. દરેક વ્યક્તિ તેની સ્ટાઈલ અને સ્ટાઈલ પર લાઈક્સ અને ટૂંકી કોમેન્ટ આપવામાં વ્યસ્ત છે.

રાષ્ટ્રીયસ્તરની રાઉન્ડ ટેબલ ચર્ચાનું આયોજન

## અદાણી ફાઉન્ડેશને મહિલા સશક્તિકરણ માટે 'બટરફ્લાય ઇફેક્ટ' ફ્રેમવર્કનું અનાવરણ કર્યું

### 'બટરફ્લાય ઇફેક્ટ' પરિવર્તનશીલ અભિગમ થકી મહિલાઓના જીવનના દરેક તબક્કામાં વિકસતી જરૂરિયાતોનું સમાધાન




। નવી દિલ્હી, તા.૨૧ ।

આગામી મહિને આવનારા આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ પહેલા અદાણી ફાઉન્ડેશને ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ નવી દિલ્હીમાં પ્રથમ રાષ્ટ્રીય સ્તરના રાઉન્ડ ટેબલ પરામર્શનું આયોજન કર્યું હતું. આ ઈવેન્ટમાં સમગ્ર ભારતમાં મહિલા સશક્તિકરણને વેગ આપવા વ્યૂહરચનાઓની ચર્ચા કરવા અને તેના ઉપાયો શોધવા મુખ્ય હિતધારકોને એકસાથે લાવ્યા હતા. રાષ્ટ્રીયસ્તરની આ ઈવેન્ટમાં ફાઉન્ડેશનના 'બટરફલાય ઈફેક્ટ' ફ્રેમવર્કનું અનાવરણ પણ જોવા મળ્યું - એક પરિવર્તનશીલ અભિગમ જે મહિલાઓના સમગ્ર જીવન દરમિયાન વિકસતી જરૂરિયાતોને સંબોધવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.

આ રાઉન્ડ ટેબલે હિસ્સેદારોને જોડવા અને મહિલા-કેન્દ્રિત હસ્તક્ષેપોની પહોંચ અને પ્રભાવને વધારવાના માર્ગો પર વ્યૂહાત્મક આંતરદૃષ્ટિ મેળવવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે સેવા આપી હતી. તેનો હેતુ સમગ્ર ભારતમાં તમામ વય જૂથોની મહિલાઓના સામાજિક-આર્થિક સશક્તિકરણને વધારવા માટે નવા સહયોગને ઓળખવાનો પણ હતો.

અદાણી ફાઉન્ડેશન ૧૯૯૬થી લગભગ ત્રણ દાયકાથી મહિલાઓના સશક્તિકરણને સમર્પિત છે, જીવનના તમામ તબક્કે મહિલાઓની અનન્ય જરૂરિયાતોને પહોંચી વળવા રચાયેલ લક્ષિત હસ્તક્ષેપોની શ્રેણીનો અમલ કરે છે. બાલ્યાવસ્થા અને પ્રારંભિક બાળપણથી લઈને કિશોરાવસ્થા, યુવાન પુખ્તાવસ્થા, મધ્યમ વય અને વૃદ્ધાવસ્થા સુધી, ફાઉન્ડેશન મહિલાઓ માટે સતત સમર્થન સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરે છે, મહિલાઓને તેમની સામાજિક-આર્થિક સુખાકારીને વધારવા માટે જરૂરી માર્ગદર્શન અને તકો મળે તે સુનિશ્ચિત કરે છે.

### સચિન, એમએસ ધોનીની ઐતિહાસિક ક્લબમાં એન્ટ્રી

। (એજન્સી) દુબઈ, તા.૨૧ ।

આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નો બીજો મુકાબલો આજે દુબઈમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે રમાઈ રહ્યો છે. બાંગ્લાદેશે પ્રથમ બેટિંગ કરતાં ભારતને ૨૨૯ રનનો ટાર્ગેટ આપ્યો છે. મોહમ્મદ શામીએ પાંચ વિકેટ ઝડપી બાંગ્લાદેશી બેટર્સને રન માટે હંફાવ્યા હતા. આજની ઈનિંગમાં રવિન્દ્ર જાડેજા ભલે એક પણ વિકેટ લેવામાં સફળ ન રહ્યો પરંતુ મેદાનમાં ઉતરતાથી સાથે જ આ ઓલરાઉન્ડર વનડેમાં ૨૦૦ મેચ રમનારો ૧૫મો ખેલાડી બન્યો છે. ટીમ ઈન્ડિયાનો ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા આજની ઈનિંગ સાથે ૨૦૦ વનડે રમનારો ૧૫મો ખેલાડી બન્યો છે. ૨૦૦ વનડે મેચ રમનારા ભારતીય ખેલાડીઓમાં સચિન તેંદુલકર, એમએસ ધોની, રાહુલ દ્રવિડ, અઝહરૂદ્દીન, યુવરાજસિંહ, વિરાટ કોહલી, અનિલ કુંબલે, રોહિત શર્મા, વિરેન્દ્ર સહેવાગ, જવાગલ શ્રીનાથ, હરભજનસિંહ, સુરેશ રૈના, કપિલ દેવ સામેલ છે. ઈંગ્લેન્ડ સામે તાજેતરમાં સમાપ્ત થયેલી ત્રણ મેચની વનડે સીરિઝની છેલ્લી મેચ ૧૨ ફેબ્રુઆરીએ અમદાવાદમાં રમાઈ હતી. અહીં ટીમ મેનેજમેન્ટે જાડેજાને આરામ આપ્યો હતો. જો તે ત્યાં જ રમવા ઉતર્યો હોત તો તેણે ૨૦૦ વનડે રમવાનો રેકોર્ડ આ મચેમાં જ બનાવી લીધો હોત. પરંતુ આગામી મોટી મેચોને ધ્યાનમાં રાખીને મેનેજમેન્ટે તેને મેચથી દૂર રાખ્યો હતો.

શેરબજારમાં સારા વળતરની લાલચ આપી

## લાલચ આપી ૭ વ્યક્તિ પાસેથી ૧.૪૦ કરોડ ખંખેરી લીધા હતા

### મોંઘીદાટ હોટલમાં મીટિંગ કરીને પોતે હાઇફાઇ હોવાનો ઢોંગ કરીને રોકાણકારોને લલચાવતા અને જાળમાં ફસાવતા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

શેરબજારમાં ઈન્વેસ્ટ કરવાથી સારું વળતર મળશે અને અમે ટીપ્સ આપીશું તેવી સ્કીમ બતાવી બે વ્યક્તિએ સાત મિત્રો પાસેથી રૂપિયા ૧.૪૦ કરોડ પડાવી લીધા હતા. રોકાણ કરેલા પૈસા કે વળતર આપ્યું ન હોવાથી બન્નેએ ઠગાઈ કરી હોવાની જાણ થતા આ મામલે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે. ઈસનપુરમાં રહેતા ૨૯ પાર્થ શાહ સીએ છે. ૨૦૨૨માં તેમના એક મિત્રે શેરબજારમાં પૈસા ઈન્વેસ્ટ કરવાથી સારું વળતર મળે છે. મેં ૧૦ લાખ ઈન્વેસ્ટ કર્યા છે. આ સ્કીમ યશ બુલચંદાણી અને નીલ મહેતા ચલાવી રહ્યા છે તેમ જણાવીને યશ અને નીલ સાથે મુલાકાત કરાવી હતી. યશ અને નીલે પાર્થભાઈને રોકાણ કરવા બાબતે સમજાવ્યા હતા. પાર્થભાઈનેવિશ્વાસઆવ્યોઅનેરોકાણ કરવા તૈયાર થયા હતા. તેમણે તેમના મિત્ર વૈભવ, ચિન્મય, ગૌરવ, કૌશલ, ધવલ અને વિવેકને પણ રોકાણ કરવા તૈયાર કર્યા હતા. બાદ આ તમામે કુલ રૂપિયા ૧.૪૦ કરોડનું રોકાણ કર્યું હતું. જો કે રોકેલા પૈસાનો નફો મળ્યો ન હતો અને રોકેલા પૈસા પરત માગ્યા તો પરત આપતા ન હતા. તેથી યશ બુલચંદાણી અને નીલ મહેતાએ શેરબજારમાં પૈસા ઈન્વેસ્ટ કરવાથી ઊંચું વળતર અપવાવવાની લાલચ આપીને કુલ રૂપિયા ૧.૪૦ કરોડ પડાવી લીધા હોવાની જાણ પાર્થ શાહને થતા તેમણે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

રજની એક લોકપ્રિય ફૂડ બ્લોગર છે

## ફુડ બ્લોગર ચટોરી રજનીના ૧૬ વર્ષિય દીકરાનું રોડ અકસ્માતમાં મોત થયું

### ઇન્સ્ટાગ્રામ અને યૂટ્યૂબ પર પોતાના કુકિંગ માટે ઓળખાય છે તેની સીરીઝ 'આજ મેરે હસબન્ડ કે લંચ બોક્સ મેં ક્યા હૈ?'

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ખ્યાતનામ ફૂડ બ્લોગર રજની જૈન, જેને 'ફ્રચટોરી રજની'ના નામથી ઓળખવામાં આવે છે, તેમણે હાલમાં જ પોતાના ૧૬ વર્ષિય દીકરાને ખોઈ દીધો. મંગળવારે જૈને પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર જણાવ્યું કે, તેમના દીકરાનું રોડ અકસ્માતમાં દુ:ખદ નિધન થઈ ગયું છે. એક હચમચાવી નાખતા નિવેદનમાં જૈને ખુલાસો કર્યો છે કે તેમના દીકરાનું ૧૭ ફેબ્રુઆરીના રોજ રોડ અકસ્માતમાં નિધન થઈ ગયું છે. ''ભારે મનથી, અમે આ ખોટને તમારી સાથે શેર કરી રહ્યા છીએ'', તેમણે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું અને પછી એડ કર્યું કે, ''એક તૂટેલા દિલ સાથે, અમે આ અસહનીય સમાચાર શેર કરીએ છીએ કે અમારા વ્હાલા રત્ન, તરુણ જૈનનું રોડ અકસ્માતમાં નિધન થઈ ગયું છે. મહેરબાની કરીને અમારા દીકરાની નવી યાત્રા માટે પ્રાર્થના કરો.'' એક અન્ય પોસ્ટમાં જૈને એવું પણ જણાવ્યું કે, તેમના દીકરાની પ્રાર્થના સભા બુધવાર, ૧૯ ફેબ્રુઆરીએ દિલ્હીના છત્તરપુરમાં આવેલ તેરાપંથ ભવનમાં રાખવામાં આવી છે. જૈન દ્વારા પોતાના દીકરાના મોતના સમાચાર શેર કર્યા બાદ પ્રશંસકોએ તેના પર પ્રતિક્રિયાઓ આપી પોતાની સંવેદનાઓ વ્યક્ત કરી છે.

''હે ભગવાન..આપના આ નુકસાન માટે ખેદ છે. મેડમ...આ ખૂબ જ ચોંકાવનારુ છે.'' એક અન્ય યુઝર્સે લખ્યું કે, ''મને વિશ્વાસ નથી થઈ રહ્યો કે, આ સત્ય છે.

## તંત્રી લેખ...

# BRICS દેશો અમેરિકન ડોલરને ખતમ કરવાની કોશિશ કરી રહ્યા

અમેરિકાનો કોઈ ભરોસો નથી. તે પોતાના હેતુઓને પ્રાપ્ત કરવા માટે કોઈ પણ હદે જઈ શકે છે. તાજું ઉદાહરણ BRICS દેશો પર ટ્રમ્પના દાવાનું છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હવે 'ભાગલા પાડો અને રાજ કરો' વાળો ખેલ રમી રહ્યા છે. તેઓ ડરાવી-ધમકાવીને BRICS દેશોને તોડવા માંગે છે. પહેલા તો તેમણે ઉપરાઉપર ટેરિફની ધમકી આપી હતી. હવે ટ્રમ્પે BRICS પર ચોંકાવનારો દાવો કર્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો કે, તેમની ૧૫૦ ટકા ટેરિફની ધમકીથી BRICS તૂટી ગયું છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, ૧૫૦ ટકા ટેરિફની ધમકી આપવાને કારણે ભારત સહિત BRICS ગ્રુપ તૂટી ગયું છે. ટ્રમ્પે BRICS દેશોને વારંવાર ચેતવણી આપી હતી કે, જો BRICS દેશો અમેરિકન ડોલરની જગ્યાએ કોઈ બીજી કરન્સી, એટલે કે BRICS કરન્સીને વૈશ્વિક કરન્સી બનાવવા માગશે, તો તેમના પર મોટા પાયે ટેરિફ લગાવવામાં આવશે. ટ્રમ્પનો દાવો એવા સમયે આવ્યો છે, જ્યારે BRICS દેશો એવી કોઈ કરન્સી બનાવવાની મંશા નકારી રહ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે, 'મને ખબર નથી કે, તેમના સાથે શું થયું. અમે તાજેતરમાં BRICS દેશોથી કંઈ સાંભળ્યું નથી.' ટ્રમ્પે વધુમાં કહ્યું કે, 'BRICS દેશો અમારા ડોલરને ખતમ કરવાની કોશિશ કરી રહ્યા હતા. તેઓ નવી કરન્સી બનાવવા માંગતા હતા. તેથી જ્યારે હું આવ્યો, ત્યારે મેં સૌપ્રથમ કહ્યું હતું કે, જે પણ BRICS દેશ ડોલરને ખતમ કરવાની વાત કરશે, તેના પર ૧૫૦ ટકા ટેરિફ લગાવવામાં આવશે અને અમને તમારો સામાન નથી જોતો. ત્યારબાદ BRICS દેશો તૂટી ગયા, ભાંગી પડ્યા.'

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ SOUL લીડરશીપ કોન્ક્લેવની પ્રથમ આવૃત્તિનું ઉદઘાટન કર્યું


### સ્કૂલ ઓફ અલ્ટિમેટ લીડરશીપ (SOUL) એવા નેતાઓને તૈયાર કરશે જે રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે ઉત્કૃષ્ટ દેખાવ કરશેઃ પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે સ્કૂલ ઑફ અલ્ટિમેટ લીડરશીપ (SOUL) લીડરશીપ કોન્ક્લેવ ૨૦૨૫નું ઉદઘાટન કર્યું હતું. જે તેની પ્રથમ આવૃત્તિ છે. તમામ પ્રતિષ્ઠિત નેતાઓ અને ભવિષ્યના યુવા નેતાઓને આવકારતા શ્રી મોદીએ જણાવ્યું હતું કે, કેટલીક ઈવેન્ટ ખૂબ જ પ્રિય હોય છે અને આજે આ પ્રકારની એક ઈવેન્ટ છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "રાષ્ટ્રનિર્માણ માટે શ્રેષ્ઠ નાગરિકોનો વિકાસ જરૂરી છે, દરેક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ નેતાઓનો વિકાસ જરૂરી છે." તેમણે કહ્યું હતું કે, દરેક ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ નેતાઓને તૈયાર કરવા જરૂરી છે, જે સમયની માગ છે. એટલે તેમણે જણાવ્યું હતું કે, શાળા ઑફ અલ્ટિમેટ લીડરશીપ વિકસિત ભારતની વિકાસયાત્રામાં મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. SOUL માત્ર સંસ્થાનું નામ જ નથી, પરંતુ SOUL એ ભારતનાં સામાજિક જીવનનો આત્મા બનશે. તેમણે ઉમેર્યું હતું કે, અન્ય અર્થમાં SOUL આધ્યાત્મિક અનુભવનાં હાર્દને પણ સુંદર રીતે આકર્ષે છે. SOULનાં તમામ હિતધારકોને શુભેચ્છા પાઠવતા શ્રી મોદીએ જાહેરાત કરી હતી કે, નજીકના ભવિષ્યમાં ગુજરાતનાં ગિફ્ટ સિટી નજીક SOULનું એક નવું, વિશાળ કેમ્પસ તૈયાર થઈ જશે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આજે જ્યારે SOUL તેની સફરમાં પ્રથમ પગલું ભરી રહી છે, ત્યારે ભારતે સંસ્થાઓનાં ભવિષ્યને આકાર આપવામાં પોતાની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને યાદ કરવી પડશે. સ્વામી વિવેકાનંદને ટાંકીને શ્રી મોદીએ જણાવ્યું હતું કે, આ સ્વપ્રદ્રષ્ટા નેતા હંમેશા ભારતને ગુલામીની જંજીરોમાંથી મુક્ત કરવા ઈચ્છતા હતા અને માત્ર ૧૦૦ અસરકારક અને કાર્યદક્ષ નેતાઓની મદદથી તેને બદલવા માગતા હતા. તેમણે કહ્યું હતું કે, દેશે આ જ ઉત્સાહ સાથે આગળ વધવું પડશે. દરેક નાગરિક ૨૧મી સદીના વિકસિત ભારતનાં સ્વપ્નોને સાકાર કરવા માટે ૨૪ કલાક કામ કરે છે એ વાતનો ઉલ્લેખ કરીને શ્રી મોદીએ ૧૪૦ કરોડની વસતિ ધરાવતાં દેશમાં તમામ ક્ષેત્રોમાં સારા નેતૃત્વની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. તેમણે એવી આશા વ્યક્ત કરી હતી કે, સ્કૂલ ઓફ અલ્ટિમેટ લીડરશીપ એવા નેતાઓનું સર્જન કરશે કે જેઓ રાજકારણના ક્ષેત્ર સહિત સમગ્ર વિશ્વમાં પોતાની છાપ છોડશે. પ્રધાનમંત્રીએ માનવ અને કુદરતી સંસાધનો એમ બંનેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા તથા કોઈ પણ દેશની પ્રગતિમાં તેમની ભૂમિકા પર પણ પ્રકાશ પાડ્યો હતો. તેમણે એક ઉદાહરણ ટાંકીને દર્શાવ્યું હતું કે, પૂરતા કુદરતી સંસાધનોના અભાવ છતાં, તેની માનવમૂડીથી સંચાલિત નેતૃત્વને કારણે ગુજરાત કેવી રીતે ટોચના રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, "માનવ સંસાધનમાં સૌથી મોટી સંભવિતતા છે. ૨૧મી સદી નવીનતા અને ચેનલાઈઝિંગ કૌશલ્યનું નેતૃત્વ કરવા સક્ષમ સંસાધનોની જરૂર છે." તેમણે વિવિધ ક્ષેત્રોમાં કુશળતાના વધતા જતા મહત્વ તરફ ધ્યાન દોર્યું. શ્રી મોદીએ નવી કુશળતાઓ અપનાવવા માટે નેતૃત્વ વિકાસની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. જેને વૈજ્ઞાનિક અને માળખાગત અભિગમ મારફતે આગળ ધપાવવો જોઈએ. આ પ્રક્રિયામાં SOUL જેવી સંસ્થાઓની મહત્ત્વપૂર્ણ ભૂમિકાને સ્વીકારીને પ્રધાનમંત્રીએ એ જાણીને આનંદ વ્યક્ત કર્યો હતો કે, તેમણે આ દિશામાં કામ શરૂ કરી દીધું છે. તેમણે એ બાબતનો પણ ઉલ્લેખ કર્યો હતો કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિનાં અસરકારક અમલીકરણ માટે રાજ્યનાં શિક્ષણ સચિવો, રાજ્ય પ્રોજેક્ટ ડાયરેક્ટર્સ અને અન્ય અધિકારીઓ માટે કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત ગુજરાતમાં મુખ્યમંત્રી કાર્યાલયના કર્મચારીઓ માટે નેતૃત્વ વિકાસ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે, આ માત્ર શરૂઆત છે અને SOULનું લક્ષ્ય નેતૃત્વ વિકાસ માટે વિશ્વની અગ્રણી સંસ્થા બનવાનું હોવું જોઈએ. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "ભારત વૈશ્વિક પાવરહાઉસ તરીકે ઉભરી રહ્યું છે. તમામ ક્ષેત્રોમાં આ ગતિ અને ઝડપને વધારવા માટે વૈશ્વિક કક્ષાનાં નેતાઓ અને આંતરરાષ્ટ્રીય નેતૃત્વની જરૂર છે." SOUL જેવી નેતૃત્વ સંસ્થાઓની ગેમ ચેન્જર બનવાની શક્યતા પર પ્રકાશ પાડતા તેમણે જણાવ્યું હતું કે, આ પ્રકારની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ માત્ર પસંદગી જ નહીં પણ જરૂરિયાત પણ છે. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, "દરેક ક્ષેત્રમાં ઊર્જાવાન નેતાઓની જરૂર છે. જે વૈશ્વિક સ્તરે દેશના હિતોને પ્રાથમિકતા આપવાની સાથે વૈશ્વિક જટિલતાઓ અને જરૂરિયાતોનું સમાધાન શોધી શકે.

---

**રામ કથા આપણને આંતરિક-બાહ્ય રૂપે હર્યા ભર્યા કરી દે છે, હું એવા ઘણા લોકોને જોઉં છું કે, જે કથામાં આવતા થયા પછી હાર્યા ભર્યા થઈ ગયા!**


# રામકથા એક નદીનો પ્રવાહ છે, એને કોઈ બાંધી શકતું નથી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**નદીના પાંચ લક્ષણની વાત કરતા કહે છે કે નદીરૂપી પ્રવાહનું પહેલું લક્ષણ, નદીનો પ્રવાહ ગતિમાન છે, એનું બીજું લક્ષણ નદીને કોઈકની શોધ છે, એને ક્યાંક સુધી પહોંચવું છે, "સરિતા જલ જલનિધિ મહું જાઈ, હોઈ અચલ જીમી જીવ હરિ પાઈ" એટલે કે દરેક નદી સમુદ્ર સુધી પહોંચવા માટે સતત દોડે છે, પરંતુ મને કંઈક બીજું પણ લાગે છે.**

માનસ ગોદાવરી વિષયને અનુસંધાને કહ્યું કે રામ ચરિત માનસ એ એક પ્રવાહ છે, અને જો એ પ્રવાહ નદી સ્વરૂપે હોય તો, એના પાંચ લક્ષણ છે, અને વાલ્મિકી રામાયણમાં એનું પ્રમાણ પણ છે. જીન કે શ્રવન સમુદ્ર સમાના, કથા તુમ્હારી સુભગ સરિ નાના. વાલ્મિકી જી કહે છે કે આપની કથા તો સુંદર વહેતી નદીઓ જેવી છે સતત વહેતો પ્રવાહ છે. રામ પ્રવાહ છે, રામ તત્વ પ્રવાહ છે, રામકથા પણ એક પ્રવાહ છે, એને કોઈ બાંધી શકતું નથી. નદીના પ્રવાહને જ્ઞાનનો પ્રવાહ, ભક્તિનો પ્રવાહ અને કર્મના પ્રવાહ સાથે પણ સરખાવી છે. નદીના પાંચ લક્ષણની વાત કરતા કહે છે કે નદીરૂપી પ્રવાહનું પહેલું લક્ષણ, નદીનો પ્રવાહ ગતિમાન છે,એનું બીજું લક્ષણ નદીને કોઈકની શોધ છે, એને ક્યાંક સુધી પહોંચવું છે. "સરિતા જલ જલનિધિ મહું જાઈ, હોઈ અચલ જીમી જીવ હરિ પાઈ" એટલે કે દરેક નદી સમુદ્ર સુધી પહોંચવા માટે સતત દોડે છે. પરંતુ મને કંઈક બીજું પણ લાગે છે, એટલે હું મારી તલગાજરડાની નદી રૂપાવાને પૂછું અને કહું કે મેં તને ચોપાઈ સંભળાવી છે, તું તો કંઈક બોલ! તો રૂપાવો નદી કહેશે કે મારું કોઈ લક્ષ નથી, બસ વહેવું એ મારો સ્વભાવ છે, મને કોઈની શોધ નથી. પણ આપણે સ્વીકારી લઈએ કે નદી સમુદ્રને મળવા માટે દોડે છે, અને તેને મળ્યા પછી શાંત થઈ જાય છે. પરંતુ નદી જ્યારે સમુદ્ર ને મળવા માટે દોડતી હોય ત્યારે તે પોતાના માર્ગમાં આવતા ખાડાઓને ભરી દેતી હોય છે, અને મને લાગે છે કે નદી એટલે જ દોડતી હોય છે, કે કોઈના અભાવના ખાડાને ભરી શકે, કોઈની અતૃપ્તિને તૃપ્ત કરી શકે! નદીનું ત્રીજુ લક્ષણ છે કિનારા નિર્મિત કરવા. રામ કથારૂપી ગંગા વહે છે, તો એ લોકને પણ સ્પર્શે છે, અને વેદના શ્લોકને પણ સ્પર્શે છે, એ લોકોને અસ્પૃશ્ય માનતી નથી!,તેમજ વેદને મહાન નથી માનતી. સમુદ્ર અચલ છે એમાં ગતિ નથી, જેથી સુનામી રુપી વિકૃતિ સંભવ છે. નદીરૂપી પ્રવાહનું ચોથું લક્ષણ એના બંને કિનારાને તે હરિયાળા રાખે છે. રામ કથા આપણને




આંતરિક અને બાહ્ય રૂપે હર્યા ભર્યા કરી દે છે. હું એવા ઘણા લોકોને જોઉં છું કે, જે કથામાં આવતા થયા પછી હાર્યા ભર્યા થઈ ગયા! એમને પહેલા ક્યારે આવો આનંદ આવ્યો નહોતો, આજ તો છે રામ નામની બડાઈ! તો નદીરૂપી પ્રવાહની ગતિ જ્યાં સુધી પહોંચે ત્યાં સુધી આંતર બાહ્ય હરિયાળી છવાઈ જાય છે. નદીરૂપી પ્રવાહનું પાંચમું લક્ષણ છે કે એ પ્રવાહ ઈચ્છતું હોય કે કોઈ આવીને એનામાં ડૂબકી મારે! પોતાનું શરીર અને જીવન સ્વચ્છ કરે. તો ગોદાવરી કે અન્ય કોઈ નદીનું પ્રવાહમાન થવું એ તેનો સ્વભાવ છે, કોઈની શોધ કરવા વહેતી નથી, વહેવું એ તેનો સ્વભાવ છે, નદી કોઈને અસ્પૃશ્ય નથી સમજતી, અને કોઈને મહાનતા નથી દેતી, બધાનો સમ આદર કરીને વહેવું એ એનું લક્ષણ છે. આંતરબાહીએ રીતે હલ્યા ભર્યા કરવા એ પણ નદીનો સ્વભાવ છે, અને પાંચમું સ્વભાવગત લક્ષણ કોઈ આવી અમારામાં ડૂબકી લગાવે. કથામાં નવ દિવસ નાહીને ઘરે જશો, ત્યારે ઘરને પણ લાગશે કે સ્વયં ગોદાવરી લઈને આવ્યા. પરમ મનોહર પંચવટીની ભૂમિ કે જ્યાં ગોદાવરી વહી રહી છે, ત્યાં પ્રભુએ લાંબા સમય માટે નિવાસ કર્યો છે અને અહીં પાંચ પ્રસંગો ઘટ્યાં છે. એમાંની પહેલો પ્રસંગ લક્ષ્મણજી પ્રભુ શ્રીરામને પાંચ પ્રશ્ન પૂછે છે, એ રામ ગીતાનો છે. પ્રભુને સુખાસનમાં બિરાજમાન જોઈને લક્ષ્મણજી છલમુક્ત વચન કહે છે, આપણને એમ થાય કે લક્ષ્મણજી જેવા જાગૃત પુરુષ કઈ રીતે છલયુક્ત બોલી શકે! પરંતુ આપણા જેવા જીવાત્માને સાવધાન કરવા માટે લક્ષ્મણજી માટે આ રીતે લખાયું. સામાન્ય રીતે લોકો જાણવા માટે નહીં પણ માપવા માટે આવતા હોય છે અને મારી પાસે પણ ઘણા લોકો આવે છે. લક્ષ્મણજીએ ભગવાન રામને માયા શું છે? જ્ઞાન શું છે? વૈરાગ્ય શું છે? ભક્તિ શું છે ? જીવ ઈશ્વરમાં ભેદ શું છે? એમ પાંચ પ્રશ્નો પૂછ્યા છે. શ્રોતાઓને અનુલક્ષીને બાપુ કહે છે, મારા ભાઈ બહેનો આ પાંચ તત્વોનું શરીર એક પંચવટી છે, એમાં ગોદાવરી વહે છે, અને એ ગોદાવરીનાં તટ પર રામની અનુભૂતિ થઈ જાય માટે જીવાચાર્ય આ પ્રશ્ન પૂછે છે! એ જ રીતે ભીતરી જીવે પણ પરમાત્માને પૂછવું જોઈએ કે અમારી જીવનની પંચવટીમાં આ પાંચ સૂત્રને સમજાવો! ભગવાન કહે છે કે તું મન બુદ્ધિ ચિત્તથી સાંભળ. મનથી સાંભળવું એટલે વિચારપૂર્વક સાંભળવું બુદ્ધિથી એટલે નિર્ણાયક તબક્કે પહોંચવું અને ચિત્તથી સાંભળવું એટલે એને પૂરેપૂરું ગ્રહણ કરી લેવું, કારણકે અંતઃકરણમાં મન બુદ્ધિ ચિત્તની સાથે અહંકાર પણ રહેલો છે એ અહંકારથી ક્યારેય સાંભળવું નહીં.

**પહેલો પ્રશ્ન માયા શું છે?**
**"મેં અરુ મોર તોર તે માયા,**
**જેહી બસ કીન્હે જીવ નિકાયા".**

માયા તત્વને સમજાવવામાં પ્રભુએ માત્ર છ શબ્દનો ઉપયોગ કર્યો છે. હે લક્ષ્મણ માયા એટલે આ હું છું અને આ મારું છે, આ તું છે અને આ તારું છે એ માયા છે હું મટી જાય મારું મટી જાય તું અને તારા નો ભેદ જાય એ ક્ષણે જીવ માયા મુક્ત થઈ જાય છે. પ્રભુ એ કહ્યું કે માયા બે પ્રકારની છે માયા વિદ્યામય છે અને અવિદ્યા પણ માયા જ છે.

**બીજો પ્રશ્ન જ્ઞાન શું છે?**
**જ્ઞાન માન જહં એકહુ નહિ,**
**દેખત બ્રહ્મ સમાન સબ માહી.**

જ્ઞાન એટલે જ્યાં અભિમાન નથી બધામાં બ્રહ્મનો અનુભવ થાય અભિમાન ન હોય એનું નામ જ્ઞાન છે. બધું જ હોવા છતાં જરા પણ અહંકાર ન હોય અને બધામાં હરી દર્શન થઈ શકે તો એ જ્ઞાન છે શ્રોતાઓને સંબોધતા કહ્યું કે જ્ઞાનનો અહંકાર બહુ બંધનમાં નાખે છે.

**ત્રીજો પ્રશ્ન વૈરાગી કોણ છે?**
**કહિઅ તાત સો પરમ વીરાગી,**
**તૃણ સમ સિદ્ધિ તીનિ ગુન ત્યાગી.**

હે લક્ષ્મણ જે સત્વ રજસ અને તમસ એ ત્રણેય ગુણને તેમજ સાધના દ્વારા પ્રાપ્ત કરેલી તમામ સિદ્ધિઓને તણખલાની માફક છોડી દે છે એ મારી દ્રષ્ટિએ પરમ વૈરાગી છે છોડનારને ખબર પણ નથી પડતી કે મેં કંઈક છોડ્યું છે એ અવસ્થાને રામજીએ પરમ વૈરાગી કહી છે. પરંતુ માનવી ચંચળ છે ચાંચલીય એ એનો સ્વભાવ છે એટલે વૈરાગ્ય એટલો સહજ નથી. આપણે લોનમાં બેઠા હોઈએ અને બેસીને તણખલું તોડી અને ફેંકી દઈએ છીએ પણ ઘરે જઈને કોઈ એ ઘટનાની નોંધ લેતું નથી કે કોઈને જણાવતું નથી ભૂલી જાય છે બસ એવી જ રીતે બધી સિદ્ધિઓ છૂટી જાય તો એને પરમ વૈરાગી કહેવામાં આવે છે. ભક્તિ શું છે? હું કોણ છું જગત શું છે અને જગદીશ શું છે ત્રણેયની જેની પાસે જાણકારી નથી, એનું નામ જ જીવ છે,ફણ ક્રમાનુસાર ક્યારેક બંધનમાં પણ મુક્તિનો અનુભવ કરાવે એ પરમ સત્તાનું નામ શિવ છે, આમ ભક્તિના સાધનોની ચર્ચા કરતા એવા પાંચેય પ્રશ્નના જવાબ પંચવટીમાં ભગવાન રામે આપ્યા. કથાના ક્રમમાં હનુમાનજીની વંદના પછી તુલસીદાસજી એ સીતારામજીની વંદના કરી, અને (રામ નામ એક પ્રણવ મંત્ર ૐકાર સમાન છે. રામનામમાં બધાં જ નામનો મહિમા આવી જાય છે. કેવળ એકવાર રામ લેવાવાળા ગણેશજી ને બ્રહ્મ પદની પ્રાપ્તિ થઈ! તો મરા મરા રટવા વાળા વાલ્મીકિ શુદ્ધ થઈ ગયાં, અને શિવજી એ રામ રામ રટતા કલાકૂટ ઝેર પીધું અને રામ અને વિષ બંને ભેગા થતાં, એમને વિશ્રામની અનુભૂતિ થઈ).

**નહીં કલી કરમ ન ભગતિ બિબેકુ,**
**રામ નામ અવલંબન એકુ.**

કળીયુગમાં પરમ તત્વને પ્રાપ્ત કરવા પ્રધાન સાધન કેવળ ને કેવળ હરિ નામ છે, હરિ નામ અતિઉદાર અને પુરાણ તથા વેદનો નીચોડ છે, નામ સાધના બહુ જ સરળ છે, વિનોબાજી પણ નામ સાધના કરતા હતાં, આમ કહી બીજા દિવસની કથાને વિરામ આપ્યો.

---

**ચિંતાથી પીડિત વ્યક્તિ એકવાર નહિ પણ ઘણીવાર મૃત્યુ પામે છે, તે માત્ર એક જ વાર નહીં પરંતુ જીવનભર બળે છે**

# જે લોકો કામ બીજા પર છોડી દે છે, તેનું કામ પૂર્ણ થતું નથી, પરંતુ જે પોતે કામ કરવા તૈયાર છે, તેનું કામ અટકતું નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જીવનમાં મુશ્કેલીઓ ચોક્કસ આવે છે પરંતુ ચિંતા કરવાથી કોઈ સમસ્યાનું સમાધાન નથી થઈ શકતું. ચિંતા આપણી વિચારવાની ક્ષમતાને અવરોધે છે અને આ અવરોધ આપણા દુઃખનું મૂળ છે. ચિંતાથી પીડિત વ્યક્તિ એકવાર નહિ પણ ઘણીવાર મૃત્યુ પામે છે.તે માત્ર એક જ વાર નહીં પરંતુ જીવનભર બળે છે.**

આપણે માતૃભાષા દિવસની ઉજવણી કરી ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો આપણાં શાસ્ત્રો કહે છે કે આપણું શરીર અને આ જગત પણ પંચમહાભૂતનું બનેલું છે.જે પૃથ્વી,જલ,તેજ,વાયુ અને આકાશ પૃથ્વીમાં ઘનતત્ત્વો આવી જાય છે. જલમાં પ્રવાહી આવે છે વાયુમાં બધા વાયુઓ સમાઈ જાય છે.તેજમાં બધી શક્તિનો સમાવેશ થાય છે અને આકાશ એટલે ખાલી જગ્યા છે. ઋષિ મુનિઓએ શાસ્ત્રોમાં આધ્યાત્મિક મંત્રો અને વૈજ્ઞાનિક સૂત્રો બંને સમાવી દીધાં છે. આપણે માત્ર આધ્યાત્મિક દૃષ્ટિ કેળવી અને વિજ્ઞાનને ભૂલી ગયા. આપણે ધર્મ ભાવનાથી એટલા બધા ઘેરા રંગે રંગાયેલા છીએ કે તેમાંથી વૈજ્ઞાનિક અર્થ તારવી કાઢવાનું આપણને ફાવતું નથી. ગુલામીના કાળ દરમ્યાન વિજ્ઞાન ના સંસ્કાર આપણામાંથી અલોપ થઈ ગયા છે.સ્વતંત્ર થયા પછી ભારત ની પ્રજા ફરીથી વિજ્ઞાનમાં રસ લેવા લાગી છે.આથીઆપણા શાસ્ત્રોમાંથી તત્ત્વજ્ઞાન ઉપરાંત વિજ્ઞાનનો અર્થ પણ શોધવો જોઈએ આમ કરવાથી વિજ્ઞાનના ક્ષેત્રે કોઈ નવી શોધ થશે એવું કંઈ નથી, પરંતુ તે કાળમાં પણ આપણા પૂર્વજોને વિજ્ઞાન વિશે કેવું જ્ઞાન હતું તે જાણીને આપણ ને ગૌરવ થશે અને વિજ્ઞાનના ક્ષેત્રે આગળ વધવાની પ્રેરણા મળશે. આપણે કેવા પૂર્વજોના વંશજ છીએ તેનું ભાન આપણને નવી પ્રેરણા આપશે અને ગુલામીના કાળ દરમ્યાન આપણામાં જે લઘુતાની ગ્રંથિ બંધાઈ ગઈ છે તે નીકળી જશે. અમેરિકા, રશિયા, જાપાન, ઈંગ્લેન્ડ વગેરે દેશો જો વિજ્ઞાનના ક્ષેત્રે આગળ વધી શકે તો આપણે શા માટે ન વધી શકીએ? વાસ્તવમાં આપણા વિજ્ઞાનીઓએ વિદેશોમાં નામના મેળવી છે, એટલું જ નહિ પણ આપણા કેટલાક વિજ્ઞાનીઓ ઈંગ્લેંડ અને અમેરિકા જેવા દેશોમાં વસી ગયા છે અને તે દેશની વૈજ્ઞાનિક પ્રગતિમાં ફાળો આપ્યો છે. આપણા દેશમાં તેમને પૂરતી સગવડ,પ્રોત્સાહન,અને અનુકૂળ વાતાવરણ મળતાં નથી તેથી તેઓ વિદેશોમાં જઈને વસ્યા છે. અમેરિકા અવકાશ વિજ્ઞાનમાં આટલું બધું



આગળ વધ્યું તેમાં ત્યાં વસતા આપણા વિજ્ઞાનીઓ નો પણ ફાળો છે એમ અમેરિકા પણ સ્વીકારે છે. ચિંતાની સૌથી મોટી આડઅસર એ છે કે ચિંતા કરવાથી આવનારી સમસ્યાનું નિરાકરણ નથી આવતું પરંતુ વર્તમાનની શાંતિને ચોક્કસ પણે ખલેલ પહોંચાડે છે. જીવનમાં મુશ્કેલીઓ ચોક્કસ આવે છે પરંતુ ચિંતા કરવાથી કોઈ સમસ્યાનું સમાધાન નથી થઈ શકતું.ચિંતા આપણી વિચારવાની ક્ષમતાને અવરોધે છે અને આ અવરોધ આપણા દુઃખનું મૂળ છે. ચિંતાથી પીડિત વ્યક્તિ એકવાર નહિ પણ ઘણીવાર મૃત્યુ પામે છે.તે માત્ર એક જ વાર નહીં પરંતુ જીવનભર બળે છે. જ્યારે કોઈ પણ સમસ્યા ઊભી થાય છે, ત્યારે તેને ઉકેલવા માટે વિચાર કરવો એ એકમાત્ર શાણો નિર્ણય છે.વિચારશીલ વ્યક્તિમાટે કોઈક યા બીજી રીત ચોક્કસપણે મળી જાય છે.તેની પાસે વિવેક બુદ્ધિ છે અને તે સમસ્યાથી ડરતો નથી પરંતુ મક્કમ રહે છે. સમસ્યાનો સામનો કરવો એટલે અડધી સફળતા હાંસલ કરવી. તેથી,ચિંતામાં નહીં પણ ચિંતનમાં જીવન જીવતા શીખો, કારણ કે જ્યાં ચિંતન છેત્યાં ચોક્કસ ઉકેલ છે અથવા ચોક્કસ માર્ગ છે. જીવનને બે રીતે સુખદ બનાવી શકાય છે. પ્રથમ તમને જે ગમે છે તે મેળવવું અથવા તમારી પાસે જે છે તે પસંદ કરવાનું છે. જો તમે પણ એવા લોકોમાંથી એક છો જેમને જે મળે છે તે ન તો ગમતું હોય છે અને ન તો તે મેળવવાની ક્ષમતા હોય છે, તો પછી તમે જાતે જ તમારી ખુશીના દરવાજા બંધ કરી દીધા છે. સુખ મેળવવાની ઈચ્છામાંમાણસ ઘર અને દુકાનો બદલી નાખે છે. ક્યારેક દેશ બદલાય છે તો ક્યારેક વેશ પણ બદલાય છે. પરંતુ તે પોતાની વિચારસરણી અને સ્વભાવ બદલવા તૈયાર નથી. તમારી ભૂમિકા બદલો, જમીન નહીં. જે દિવસે માણસ પોતાના સ્વભાવ પર વિજય મેળવશે તે દિવસે તેની ખામીઓ દૂર થઈ જશે.આજે એક સરસ વાત સાથે આજના લેખનું સમાપન કરીએ. એક ગામની નજીકના ખેતરમાં એક સારસ સારસીની જોડી રહેતી હતી.ત્યાં જ તેમને ઈંડા મૂક્યાં.ઈંડામાંથી સમય જતાં બચ્ચાં બહાર નીકળ્યા,પરંતુ બચ્ચાઓ મોટા થયા અને ઉડી શકે તે પહેલાં, ખેતરમાં પાક પાકી ગયો હતો.સારસ સારસી ખૂબ જ ચિંતિત થઈ ગયાં. ખેડૂત પાક કાપવા આવે તે પહેલાં તેને તેના બચ્ચાં સાથે તે સ્થળ છોડી દેવું જોઈએ,પરંતુ બચ્ચાં ઉડી શક્યા નહીં. સારસે બચ્ચાંને કહ્યું-''જો કોઈ આપણી ગેરહાજરીમાં ખેતર માં આવે,તો તે શું કહે છે તે સાંભળો અને યાદ રાખો.'' એક દિવસ જ્યારે સાંજે સારસસારસી ખોરાક લઈને બાળકો પાસે પાછી આવી, ત્યારે બચ્ચાંએ કહ્યું, આજે ખેડૂત આવ્યો, તે ખેતરમાં ફરતો રહ્યો,એક-બે જગ્યાએ ઊભો રહ્યો અને લાંબા સમય સુધી ખેતર તરફ જોતો રહ્યો. તે કહેતો હતો કે ખેતર હવે કાપણી માટે તૈયાર છે.આજે હું ગામના લોકોને જઈને કહીશ કે મારા ખેતરની કાપણી કરાવો.'' સારસે કહ્યું,'તમે ડરશો નહીં!' ખેતરમાં હવે કાપણી થશે નહીં, ખેતરમાં કાપણી કરવાનું હજુ વહેલું છે.'' ઘણા દિવસો પછી, જ્યારે સાંજે સારસ સારસી બાળકો પાસે આવી,ત્યારે બાળકો ખૂબ ડરી ગયા -''તેઓ કહેવા લાગ્યા, હવે આપણે આ ખેતર તાત્કાલિક છોડી દેવું જોઈએ.આજે ખેડૂત ફરી આવ્યો, તેણે કહ્યું કે ગામના લોકો ખૂબ સ્વાર્થી છે,તેઓ મારા ખેતરમાં કાપણી કરાવવાની કોઈ વ્યવસ્થા કરતા નથી,કાલે હું મારા ભાઈઓને મોકલીશ અને ખેતરમાં કાપણી કરાવીશ. સારસી બચ્ચાં પાસે આરામથી બેઠી અને કહ્યું - ''ખેતરમાં હજુ કાપણી થઈ નથી, બે-ચાર દિવસમાં તમે લોકો બરાબર ઉડવા લાગશો,હવે ડરવાની જરૂર નથી.'' ઘણા દિવસો વીતી ગયા હવે બચ્ચાં ઉડવા લાગ્યા અને નિર્ભય બન્યા. એક સાંજે,તેઓ તે માતા પિતાને કહેવા લાગ્યા - ''આ ખેડૂત અમને ખોટી રીતે ડરાવી રહ્યો છે. તેના ખેતરમાં કાપણી થશે નહીં. તે આજે પણ આવ્યો અને કહ્યું કે મારા ભાઈઓ મારી વાત સાંભળતા નથી,બધાબહાના બનાવે છે,મારા પાકનો દાણો સુકાઈ રહ્યો છે અને પડી રહ્યો છે, હું કાલે વહેલી સવારે આવીશ અને ખેતરમાં કાપણી કરીશ.'' સારસી ગભરાઈ ગઈ અને બોલી- ''ચાલો, જલ્દી કરો! હજી અંધારું નથી થયું. ચાલો બીજી જગ્યાએ ઉડાન ભરીએ,કાલે ખેતરમાં ચોક્કસ કાપણી થશે.'' બચ્ચાંએ કહ્યું - ''કેમ? આ વખતે પાક કેવી રીતે કાપવામાં આવશે? સારસી બોલી - ''જ્યાં સુધી ખેડૂત ગામ લોકો અને ભાઈઓ પર નિર્ભર હતો, ત્યાં સુધી પાક લણવાની કોઈ આશા નહોતી. જે લોકો કામ બીજા પર છોડી દે છે, તેનું કામ પૂર્ણ થતું નથી, પરંતુ જે પોતે કામ કરવા તૈયાર છે, તેનું કામ અટકતું નથી. જ્યારે ખેડૂત કાલે પોતે ખેતરમાં કાપણી કરવા જશે, ત્યારે ખેતર ચોક્કસપણે લણણી થશે.'' સારસ જોડી તેના બચ્ચાં સાથે તે જ સમયે ત્યાંથી ઉડી ગઈ અને બીજી જગ્યાએ ગઈ. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત ગઈકાલે આપણે માતૃભાષા સાથે અણહિલપુર પાટણનો સ્થાપના દિવસ ઉજવ્યો.આજની ધડકન શિક્ષિત યુવાધન બેરોજગારીના ખપ્પરમાં હોમાઈને વ્યસનો ડિપ્રેશન ભોગ બની રહયો હોવા છતાં દેશના કહેવાતા લોકસેવકોની ઊંઘ ઉડતી નથી.બસ ભારત માતા કી જય અને વંદે માતરમ્ જ...અસ્તુ.

# અભિનેત્રી રકૂલ પ્રીત સિંહ પાંચ કરોડમાં પતિને વેચવા તૈયાર

રકૂલ પ્રીત સિંહ અને અર્જુન કપૂરની મુવી મેરે હસબન્ડ કી બીવી ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ રીલીઝ થવાની છે, રોમાન્સ, કોમેડીથી ભરપૂર આ ફિલ્મનું ડાયરેકશન મુદસ્સર અઝીઝ દ્વારા કરવામાં આવ્યું છે, જેના પ્રોડ્યુસર્સ જેકી ભગનાની અને વાસુ ભગનાની છે, ફિલ્મ સ્ટાર્સ હાલ મુવી પ્રમોશનમાં વ્યસ્ત છે, જેમાં રકૂલ પ્રીત સિંહએ એક કોમેડી વિડીયો અર્જુન કપૂર સાથે મુક્યો છે જે જોઈ તમે અચૂક હસી પડશો! રકૂલ પ્રીત સિંહ અને અર્જુન કપૂર સિવાય મેરે હસબન્ડ કી બીવી ફિલ્મમાં ભૂમિ પેડનેકર, ડીનો મોરિયા, આદિત્ય સીલ પણ મુખ્ય ભૂમિકામાં છે.મોડર્ન ટાઈમમાં છૂટાછેટાના કેસો વધી રહ્યા છે, છૂટાછેટા બાદ નવેસરથી શરૂઆત કરવાનો ટ્રેન્ડ પણ વધી રહ્યો છે, નવી શરૂઆત બાદ ભૂતકાળ ભૂલવાનું સરળ નથી અને વ્યકિતના જીવનમાં



પહેલી પત્ની અને નવી પત્ની વચ્ચે સરખામણી થતી રહે છે. અર્જુન કપૂર સાથે રકૂલ પ્રીત સિંહ અને ભૂમિ પેડનેકરના આવા ટ્રાયેંગલ આંટા ઘૂંટીની વાત કરવામાં આવી છે.રકૂલ પ્રીત સિંહ સાથે તાજતેરમાં અર્જુન કપૂર સાથેનો વિડીયો એકટ્રેસ સોશિયલ મીડિયા પર શેર કર્યો છે જેમાં અર્જુન કપૂર રકૂલને 'બેબી તે જુદાઈ મુવી જોઈ છે જેમાં અનિલ કપૂરની વાઈફ તેને ૨ કરોડમાં વેચી દે છે, જો તને પણ કોઈ ૨ કરોડ આપે તો? રકૂલ તેને અટકાવતા કહે છે પાગલ છે શું? ૨ કરોડ નહિ, પુરા ૫ કરોડ લઈશ.'

# અક્ષય-અનન્યા ની 'કેસરી ૨'ની નવી રિલિઝ ડેટ જાહેર

## થોડાં વખત પહેલાં આ ફિલ્મનું નામ 'કેસરી ચેપ્ટર ૨: ધ અન્ટોલ્ડ સ્ટોરી ઓફ જલિયાંવાલા બાગ' રાખવામાં આવ્યું છે

અભિનેતા અક્ષય કુમાર, આર માધવન, અને અનન્યા પાંડે અભિનીત ફિલ્મ જે ભારતના ટોચના બેરિસ્ટર સી. શંકરન નાયરના જીવન પર આધારિત છે, તેની નવી રિલિઝ ડેટ જાહેર કરવામાં આવી છે. થોડાં વખત પહેલાં આ ફિલ્મનું નામ 'કેસરી ચેપ્ટર ૨: ધ અન્ટોલ્ડ સ્ટોરી ઓફ જલિયાંવાલા બાગ' રાખવામાં આવ્યું છે.આ પહેલાં આ ફિલ્મ ૧૪ માર્ચ ૨૦૨૫ના રોજ હોળી નિમિત્તે રિલીઝ થવાની ચર્ચા હતી. ધર્મા પ્રોડકશન્સ, લીઓ મીડિયા કલેક્ટિવ અને કેપ ઓફ ગુડ હોપ દ્વારા નિર્મિત ફિલ્મ હવે ૧૮ એપ્રિલે રિલીઝ કરવામાં આવશે. આ પહેલાં હોળીની રિલીઝ માટે એવું કારણ આપવામાં આવ્યું હતું કે આગળની 'કેસરી' હોળી નિમિત્તે જ રિલીઝ થઈ હતી, તેના સંદર્ભે આ ફિલ્મનું નામ અને તારીખ જાહેર થયાં હતાં, પરંતુ હવે તેમાં ફેરફાર થયાં છે. સી. શંકરન નાયર બ્રિટિશ રાજ સામે જલિયાંવાલા બાગનું સત્ય બહાર લાવવા કરવા માટે કાનૂની લડત લડ્યા હતા. આ ફિલ્મ રઘુ પાલટ અને પુષ્પા પાલટના પુસ્તક 'ધ કેસ ધેટ શુક ધ એમ્પાયર' પર આધારિત છે. રઘુ પાલટ સી. સંકરન નાયરના પ્રપૌત્ર છે. સી. સંકરન નાયર ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પૂર્વ પ્રમુખ અને વાઈસરોયની એક્ઝિક્યુટિવ કાઉન્સિલનાં સભ્ય રહી ચૂકયા છે.આ ફિલ્મ કરણ સિંહ ત્યાગીએ ડિરેક્ટ કરી છે. થોડાં વખત પહેલાં આ ફિલ્મનું નામ 'કેસરી ચેપ્ટર ૨: ધ અન્ટોલ્ડ સ્ટોરી ઓફ જલિયાંવાલા બાગ' રાખવામાં આવ્યું છે આ પહેલાં ઓકટોબરમાં ધર્મા પ્રોડકશન્સે પોતાના ઈન્સ્ટાગ્રામ પેજ પરથી આ ફિલ્મની રિલીઝ ડેટ જાહેર કરી હતી, જોકે, એ વખતે તેનું નામ જાહેર કરાયું નહોતું. પોસ્ટના કેપ્શનમાં 'એક વણકહી કહાણી, એક ન સાંભળેલું સત્ય... અક્ષય કુમાર, આર. માધવન, અને અનન્યા પાંડે સાથે... કરણ સિંહ ત્યાગી દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ ૧૪ માર્ચ ૨૦૨૫નાદિવસે રીલીઝ થશે.'૨૦૨૧માં કરણ જોહરે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ શૅર કરતા લખ્યું







હતું 'સી. સંકરન નાયર, એક ઐતિહાસિક વ્યક્તિની વણકહી કહાણી મોટા પડદા પર પ્રસ્તુત કરતાં ખૂબ જ રોમાંચ અને ગર્વ અનુભવી રહ્યો છું.' થોડાં વખત પહેલાં આ ફિલ્મનું નામ 'કેસરી ચેપ્ટર ૨: ધ અન્ટોલ્ડ સ્ટોરી ઓફ જલિયાંવાલા બાગ' રાખવામાં આવ્યું છે ધર્મા પ્રોડક્શન્સે તે સમયે ફિલ્મની કાસ્ટ જાહેર કર્યા વગર ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી હતી. 'આ ફિલ્મ સુપ્રસિદ્ધ કોર્ટરૂમ લડતને ખુલ્લી પાડે છે, જે શંકરન નાયરે બ્રિટિશ રાજ વિરુદ્ધ જલિયાંવાલા બાગનાં હત્યાકાંડનું સત્ય ઉજાગર કરવા માટે લડી હતી. શંકરન નાયરે વીરતા પૂર્વક આઝાદીની લડાઈને પ્રજ્વલિત કરી હતી અને સત્યની તાકાતનો પુરાવો આપ્યો હતો.'

### કરણ જોહર બોલિવૂડના સૌથી જાણીતા ચહેરાઓમાંનો એક

# ફિલ્મ ઉધોગમાં હજુયે ઘણા લોકો ભ્રમમાં: કરણ જોહર




કરણ જોહર બોલિવૂડના સૌથી જાણીતા ચહેરાઓમાંનો એક છે અને ધર્મા પ્રોડકશન્સ પાછળનો મુખ્ય બળ છે. દિગ્દર્શકે કોમલ નાહટા સાથેની એક મુલાકાતમાં શેર કર્યુ હતું કે તે પોતાને પ્રતિભાશાળી કરતાં વધુ 'ભાગ્યશાળી' માને છે અને જ્યારે તેમના કામની વાત આવે છે ત્યારે તે એક વાસ્તવિકવાદી છે. કરણે એવો પણ દાવો કર્યો હતો કે ફિલ્મ ઉદ્યોગમાં ઘણા લોકો કોઈક ભ્રમમાં જીવી રહ્યા છે જેનો ઈલાજ થઈ શકતો નથી.જો કે તેમને આ નીવેદનમાં કોઈના નામનો ઉલેખ કર્યો ન હતો.ઈન્ટરવ્યુ દરમિયાન, કરણે કહ્યું કે દિગ્દર્શક તરીકેની શરૂઆત પછી વર્ષો સુધી તે ક્યારેય માનતો ન હતો કે તે બધી સફળતાને પાત્ર છે. તેણે કહ્યું, ''માય નેમ ઈઝ ખાનના સેટ પર એક દિવસ, મેં વિચાર્યું, 'કદાચ હું મારું કામ જાણું છું.' મેં હંમેશા માન્યું છે કે હું પ્રતિભાશાળી કરતાં વધુ ભાગ્યશાળી છું. હું એક વાસ્તવિકવાદી છું, અને હું ભ્રમિત નથી. ભ્રમ એ એક એવો રોગ છે જેના માટે કોઈ રસી નથી. જો મારી પાસે તે રસી હોત, તો મેં આ ઉદ્યોગના ઘણા લોકોને તે આપી હોત. તેઓ બધા ભ્રમમાં જીવી રહ્યા છે.''તેમણે આગળ ઉમેર્યું, ''આપણે રાજદ્વારી બનવું પડશે. હું ભ્રમિત નથી. હું મારી ફિલ્મોથી ખૂબ વાકેફ છું અને જાણું છું કે તેમાંની કેટલીક ફિલ્મો કેમ સફળ થઈ અને કેટલીક કેમ નહીં. હું ૮૦% વાસ્તવિક છું. ૨૦% મહત્વાકાંક્ષામાં હોઈ શકે છે. ક્યારેક હું આ લોકોને સમજી શકતો નથી. મને સમજાતું નથી કે તેઓ પોતાની જાત સાથે ખોટું બોલી રહ્યા છે કે તેઓ માને છે કે તેઓએ એક મહાન ફિલ્મ બનાવી છે. વાસ્તવમાં, એવું નથીકરણે ૧૯૯૮ માં કુછ કુછ હોતા હે સાથે દિગ્દર્શક તરીકેની શરૂઆત કરી હતી. આ ફિલ્મમાં શાહરૂખ ખાન, કાજોલ અને રાની મુખર્જી અભિનય કર્યો હતો.

### આ પ્રોજેક્ટનું શીર્ષક હજુ પણ ગુપ્ત રાખવામાં આવ્યું છે

# રૂપેરી પરદા પર છવાશે 'સાજન'ની જોડી

## સલમાન-સંજય એક હોલીવુડ થ્રિલર ફિલ્મના શૂટિંગ માટે સાઉદી અરેબિયા પહોંચ્યા

સલમાન ખાન અને સંજય દત્ત એક હોલીવુડ થ્રિલર ફિલ્મના શૂટિંગ માટે સાઉદી અરેબિયા પહોંચ્યા છે. આ ફિલ્મમાં બંનેનો કેમિયો રોલ હશે. આ શૂટિંગ સાઉદી અરેબિયાના અલઉલા સ્ટુડિયોમાં થઈ રહ્યું છે અને અહેવાલો અનુસાર, તે ૧૯ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. આ આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટનું શીર્ષક હજુ પણ ગુપ્ત રાખવામાં આવ્યું છે. આ સમયે, સલમાન ખાન અને સંજય દત્ત કોઈ બોલિવૂડ ફિલ્મને કારણે નહીં પરંતુ હોલીવુડની એક થ્રિલર ફિલ્મને કારણે સમાચારમાં છે. અહેવાલ છે કે બંને હાલમાં એક આંતરરાષ્ટ્રીય પ્રોજેક્ટના શૂટિંગ માટે સાઉદી અરેબિયામાં છે. સાઉદીના નવા શરૂ થયેલા અલઉલા સ્ટુડિયોમાં શૂટિંગ શરૂ થઈ ગયું છે અને તે ૧૯ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેવાની ધારણા છે. હોલીવુડ થ્રિલરમાં આ બંને સ્ટાર્સની ઓનસ્ક્રીન કેમેસ્ટ્રી ચોક્કસપણે જોવા મળશે પરંતુ તે એક નાનકડી ભૂમિકા હશે. એક અહેવાલ મુજબ, સલમાન ખાન અને સંજય દત્ત અમેરિકન થ્રિલર ફિલ્મના કેટલાક ખૂબ જ ખાસ દ્રશ્યોમાં જોવા મળશે. જોકે, એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે કડક નોન-ડિસ્ક્લોઝર એગ્રીમેન્ટને કારણે, આ પ્રોજેક્ટનું શીર્ષક હજુ પણ ગુપ્ત રાખવામાં આવ્યું છે. જોકે, ઉદ્યોગના



આંતરિક સૂત્રો કહે છે કે આ ફિલ્મનો હેતુ વિશ્વભરના દર્શકોને આકર્ષવાનો છે. સૂત્રોના હવાલાથી, અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, 'સલમાન અને સંજય સમગ્ર વિશ્વમાં, ખાસ કરીને મધ્ય પૂર્વમાં જાણીતા છે.' તેમના દ્રશ્યો એટલા માટે દાખલ કરવામાં આવ્યા છે કે તે દર્શકો પર એક અલગ જ અસર છોડી જાય.અલુલા સ્ટુડિયો હવે આંતરરાષ્ટ્રીય નિર્માણ માટે ફિલ્મ ઉદ્યોગનું પ્રિય સ્થળ બની ગયું છે. ગેરાર્ડ બટલરની 'કંદહાર' (૨૦૨૩) જેવી હોલીવુડ ફિલ્મોનું શૂટિંગ અહીં થઈ ચૂક્યું છે. અહેવાલો અનુસાર, સલમાન ખાનની ટીમ રવિવારે સવારે ત્રણ દિવસનું શૂટિંગ શરૂ કરવા માટે રિયાધ પહોંચી ગઈ હોવાનું કહેવાય છે.

# રાજકુમાર રાવ મહેંદી રસમમાં અટવાયો!

## રાજકુમાર-વામિકા પહેલી વાર ફિલ્મ નિર્માતા કરણની અપકમિંગ ભૂલ ચૂક માફ ફિલ્મમાં સાથે દેખાશે

રાજકુમાર રાવ અને વામિકા ગબ્બી પહેલી વાર ફિલ્મ નિર્માતા કરણ શર્માની અપકમિંગ ભૂલ ચૂક માફ ફિલ્મમાં સાથે જોવા મળશે. મંગળવારે આ ફિલ્મનું ટીઝર રિલીઝ કરાયું છે. જેમાં રસપ્રદ પર્સ્પેક્ટિવની ઝલક જોવા મળે છે. ટીઝરમાં રાજકુમાર રાવ વરરાજાના રુપમાં દેખાય છે. જોકે એ સમયના ચક્રમાં ફસાયેલો દેખાય છે.રાજકુમાર રાવ અને વામિકા પ્રેમીઓની ભૂમિકા ભજવે છે જે લગ્ન કરવા માટે તૈયાર છે. ટીઝરની શરૂઆત બંને તેમના માતાપિતા સાથે બેઠા હોય છે અને તેમના લગ્નની તારીખની ચર્ચા કરે છે. રાજકુમાર ૩૦મી તારીખે લગ્ન કરવા માટે ઉત્સુક હોય છે.બીજું દ્રશ્ય તેમના હલ્દી સમારંભમાં ફેરવાય છે, જ્યાં એક ખુશખુશાલ રાજકુમારને



તેના સંબંધીઓ દ્વારા હલ્દી લગાવવામાં આવે છે. તે વામિકાને કહે છે કે તેમના જીવનના સૌથી મોટા દિવસ આડે ફક્ત એક જ દિવસ બાકી છે અને ટૂંક સમયમાં તેઓ પતિ-પત્ની બનશે.રાજકુમાર બીજા દિવસે જાગે છે, ત્યારે કંઈક અણધાર્યું બને છે. હજુ પણ ૨૯મી તારીખ જ હોય છે, અને ફરી એ જ હલ્દી સમારંભનો દિવસચાલેછે.આચક્રઘણીવખતપુનરાવર્તિત થાય છે, જેના કારણે રાજકુમાર નિરાશ થઈ જાય છે.ભૂલ ચૂક માફ ફિલ્મ દિનેશ વિજનના મેડોક ફિલ્મ્સ દ્વારા બનાવવામાં આવી છે, જે આ વર્ષે સફળતાનો સિલસિલો ચાલુ રાખતું હોય તેવું લાગે છે, જેણે પહેલાથી જ બે મોટી અક્ષય કુમારની સ્કાય ફોર્સ અને વિકી કૌશલની છાવા હિટ ફિલ્મો આપી છે.

### આ ટોપ-૧૦ લિસ્ટમાં કંગના રનૌતનું નામ બીજા નંબર પર છે

# સૌથી મોંઘી અભિનેત્રી દીપિકા પાદુકોણ, ફિલ્મ દીઠ લે છે ૩૦ કરોડ

## ગયા વર્ષે ૨૦૨૪માં દીપિકા રિતિક રોશન સાથે ફાઇટરમાં, પ્રભાસ સાથે કલ્કી-અજય દેવગનની ફિલ્મ સિંઘમ અગેનમાં જોવા મળી હતી

બોલિવૂડથી લઈને સાઉથ સુધી ભારતીય સિનેમામાં અભિનેત્રીઓની સુંદરતા હવે માત્ર ગીતો સુધી મર્યાદિત નથી રહી. ઘણી રીતે તે હવે ફિલ્મના મુખ્ય અભિનેતા કરતાં વધુ પાવરફુલ પાત્ર ભજવે છે. પરંતુ જ્યારે ફીની વાત આવે છે, તો તેમને અભિનેતા કરતા ઘણી ઓછી ફી મળે છે.દેશની સૌથી વધુ કમાણી કરનાર અભિનેત્રી તરીકે દીપિકા પાદુકોણનું નામ નોંધાયેલું છે. એક રિપોર્ટ અનુસાર, તે એક ફિલ્મ માટે ૧૫-૩૦ કરોડ રૂપિયા લે છે. ગયા વર્ષે ૨૦૨૪માં દીપિકા રિતિક રોશન સાથે ફાઈટરમાં, પ્રભાસ સાથે કલ્કી અને અજય દેવગનની ફિલ્મ સિંઘમ અગેનમાં જોવા મળી હતી.આ ટોપ-૧૦ લિસ્ટમાં કંગના રનૌતનું નામ બીજા નંબર પર છે. કહેવાય છે કે તે એક ફિલ્મ માટે ૧૫ થી ૨૭ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. જો કે અભિનેત્રીનો અત્યારે બોક્સ ઓફિસ પર સારો સમય નથી ચાલી રહ્યો. છેલ્લા ૧૦ વર્ષમાં તેની ૧૧ ફિલ્મો ફ્લોપ થઈ છે.બોલિવૂડની 'દેશી ગર્લ' પ્રિયંકા ચોપરાનું કરિયર અને ઈન્ડસ્ટ્રીમાં તેનું કદ બંને ખૂબ જ વધી ગયું છે. તે હવે ગ્લોબલ સ્ટાર બની ગઈ છે. જો કે, ૨૦૨૪ની ફોર્બ્સની યાદી અનુસાર, તે ભારતમાં એક ફિલ્મ માટે ૧૫ થી ૨૫ કરોડ રૂપિયા ચાર્જ કરે છે. તે આગામી સમયમાં મહેશ બાબુ સાથે એસએસ રાજામૌલીની ફિલ્મમાં જોવા મળશે, જેનું શૂટિંગ હૈદરાબાદમાં ચાલી રહ્યું છે.ગયા વર્ષે 'મેરી ક્રિસમસ' અને તે પહેલા ૨૦૨૩માં 'ટાઈગર-૩'માં જોવા મળેલી કેટરીના કૈફનું નામ પણ આ યાદીમાં છે. તે પ્રિયંકા ચોપરા જેટલી જ એક ફિલ્મ માટે લગભગ ૧૫-૨૫ કરોડ રૂપિયા ચાર્જ કરે છે.



# પરીક્ષા પે ચર્ચા: વિક્રાંત અને ભૂમિએ કપરા સમયે પોતાની શક્તિ ઓળખવા સલાહ આપી

## જીવનની પરિક્ષામાં પાસ કરવા માટે ભણો, માત્ર પરીક્ષા પાસ કરવા માટે નહીં

જીવનની પરિક્ષામાં પાસ કરવા માટે ભણો, માત્ર પરીક્ષા પાસ કરવા માટે નહીં, મુશ્કેલ સમયમાં તમારી શક્તિઓ ઓળખો. દીપિકા પાદૂકોણ બાદ એક્ટર વિક્રાંત મસ્સી અને ભૂમિ પેડનેકરે વિદ્યાર્થીઓ સાથે 'પરિક્ષા પે ચર્ચા' કરી હતી. રવિવારે પ્રધાનમંત્રીના પરિક્ષા પે ચર્ચા કાર્યક્રમ અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભૂમિ અને વિક્રાંતે પોતાના શાળાજીનના અનુભવો જણાવ્યા હતા. તેમણે પરિક્ષા સમયે ચિંતામાંથી દુર કઈ રીતે રહેવું, વાલીની અપેક્ષાઓ અને નિષ્ફળતા પછી ફરી બેઠા થવાનું મહત્વ જેવા વિષયો પર વાત થઈ હતી. વિક્રાંતે આ ચર્ચામા આગળ કહ્યું, ''આપણને બધાંને ખ્યાલ છે કે, મનમાં વિઝ્યુલાઈઝ કઈ રીતે કરવું. તમે તમારા દિવસની દસ મિનિટ કાઢી શકો અને દરરોજ તમારી લગણીઓ અને શું અચિવ કરવા માગો છો એ વિશે નોંધ કરતાં રહો. આ એક પ્રકારનું મેનિફેસ્ટેશન છે. પરંતુ જ્યારે સારા માર્કર્સ આવે તો તમારી વિનમ્રતા જાળવી રાખો. તેના અહંકારમાં ન આવશો. તમારી નજર નીચે અને વિચારો ઊંચા રાખો. આ બહુ મહત્વનું છે. જીવનની પરીક્ષામાં પાસ થવા માટે ભણો, માત્ર આ પરીક્ષા નહીં. તમારી જાત પાસે બહુ અપેક્ષા ન રાખશો. જો તમે નક્કી કરેલું લક્ષ્ય પ્રાપ્ત ન થાય તો ફરી શરૂઆત કરો.''ભૂમિ પેડનેકરે નાની ઉંમરમાં પિતાને ગુમાવ્યા હતા. આ સંદર્ભે તેણે કહ્યું, ''એ ઉંમરે તમે સમજી શકતા નથી કે તમારી સાથે કેટલી કમનસીબ ઘટના બની છે. મને એટલી જ ખબર હતી કે મારે મારી બધી જ ક્ષમતાઓ કામે લડાગવાની છે. તમારી ક્ષમતાઓને ઓળખો. શીખવાના નવા વિકલ્પો અપનાવો. જેમકે મને જ્યારે કોઈ સીન આપવામાં આવે તો હું દર વખતે તેને નવી રીતે કરવાની કોશિશ કરું છું. હું પરીક્ષાના ઘણા દિવસો પહેલાં જ ચોપડીઓ પકડીને બેસી જતી હતી. પરીક્ષા દરમિયાન અમારા ટીવીમાંથી કેબલ કનેક્શન કાઢી દેવાતું હતું. મને આજની જનરેશન જોઈને થોડું દુખ થાય છે. અમારા માટે રમવું એટલે મેદાનમાં જવું અને આજની પેઢી માટે એ મોબાઈલ છે.''




ભૂમિએ આગળ કહ્યું, ''હું બહુ આજ્ઞાકારી વિદ્યાર્થી હતી, આજે પણ છું. હું થોડી તોફાની હતી પરંતુ મારા શિક્ષકો સાથે મારે બહુ બનતું હતું. મને બહુ વહેલાં ખ્યાલ આવી ગયો હતો કે મારે એક્ટર જ બનવું છે. પરંતુ હું ઈચ્છતી હતી કે મારા વાલીને મારા પર ગૌરવ હોય તેથી હું બહુ મહેનત કરતી હતી.''

# સમયના વમળમાં ફસાઈ રાજકુમાર અને અભિનેત્રી વામિકાની લવસ્ટોરી

## રાજકુમાર રાવ અને મેડોકના દિનેશ વિજાનની જોડીએ 'સ્ત્રી ૨'માં કમાલ કરી બતાવી હતી

રાજકુમાર રાવ અને મેડોકના દિનેશ વિજાનની જોડીએ 'સ્ત્રી ૨'માં કમાલ કરી બતાવી હતી. હવે આ જોડી ફરી એક વખત નવા વિષય અને નવી ફિલ્મ સાથે આવી રહી છે. તેમજ હાલ મેડોક ફિલ્મ્સની 'છાવા' બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી રહી છે. આ અગાઉ કેટરિના કેફ અને સિદ્ધાર્થ મલ્હોત્રાની ફિલ્મ 'બાર બાર દેખો' આ પ્રકારના નવા વિષય પર આવી હતી, જોકે, તે ખાસ સફળ રહી નહોતી. હોલિવૂડની ફિલ્મમાં તો દર્શકો મલ્ટીવર્સ અને ટાઈમલૂપની ફિલ્મો જોઈ ચૂક્યા છે, પરંતુ જો બોલિવૂડમાં કોઈ નોન સાયન્ટિફિક ફિલ્મમાં કોઈ ટાઈમ લૂપમાં ફસાઈ જાય તો કેવું થાય એ 'ભુલ ચૂક માફ'માં જોવા મળશે. આ ફિલ્મમાં રાજકુમાર રાવ અને વામિકા ગબ્બીની જોડી પણ પહેલી વાર જોવા મળશે. હાલ આ ફિલ્મનું ટીઝર લોંચ થયું છે, ફિલ્મ ૧૦ એપ્રિલે રિલીઝ થશે. 'ભુલ ચૂક માફ' એક ખુબ રમુજી વાત કરે છે, જેમાં વારાણસીની એક નાના ગામની વાર્તા છે. જેમાં એક રોમેન્ટિક રંજન પોતાની પ્રેમિકા તિતલી સાથે લગ્ન કરવા માટે થઈને એક સરકારી નોકરી લઈ લે છે. પરંતુ લગ્ન પહેલાં કેટલીક એવી ઘટનાઓ બને છે કે રંજનનાં જીવનમાં ઉથલ-પાથલ મચી જાય છે. રાજકુમમાર રાવ વામિકા ગબ્બી સાથે લગ્ન કરી રહ્યો છે, તે ખુબ ઉત્સાહમાં છે, તેને ૨૯ તારીખે પીઠી લાગે છે અને બીજા દિવસે લગ્નના સપના જોઈને તે સુઈ જાય છે. સવારે ઉઠે ત્યારે કમાલ થઈ જાય છે, ૩૦ના બદલે ૨૯ તારીખ જ રહે છે. આમ એનો લગ્નનો દિવસ આગળ વધતો જ નથી. આમ રાજકુમાર એક વિચિત્ર ટાઈમલૂપમાં ફસાઈ ગયો છે.આ ફિલ્મનું ટીઝર લોંચ કરતાં મેડોક દ્વારા એક્સ પર લખાયું હતું, ''દિન હે ઉનતીસ યા તીસ? ફર્ક હે બસ ઉન્નીસ બીસ! પર હે ક્યા મસલા? જાનીયે ૧૦ એપ્રિલ કો ઈન સિનેમાઝ, તબ તક ભુલ ચૂક માફ હો.''આ પહેલાં મેડોક તરફથી નાના શહેરની અને લગ્નની આસપાસની પરિસ્થિતિથી કોમેડી કરતી 'લુકા છુપી', 'ઝરા હટકે ઝરા બચકે' જેવી ફિલ્મો આવી ચૂકી છે. હવે આ ફિલ્મ પણ ઘણા અલગ વિષય સાથે આવી છે. તેમાં રાજકુમાર રાવ સ્ત્રી જેવો જાદુ કરી શકે છે કે નહીં તે જોવાનું. કરણ શર્માએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મ મેડોકની આ વર્ષની ત્રીજી મોટી રિલીઝ છે. રાજકુમાર રાવ આ વર્ષે 'માલિક' અને નેટફિલક્સ ફિલ્મ 'ટોસ્ટર ઓન ધ હોરાઈઝન'માં જોવા મળશે. જ્યારે વામિકાની 'બેબી જોન' રિલીઝ થઈ ચૂકી છે.








નવી દિલ્હીમાં ભૂટાનના વડાપ્રધાન દાશો શેરિંગ તોબગેએ કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને તેમના મોટા ભાઈ અને તેમના પાસેથી નેતૃત્વના પાઠ શીખશે.




નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ SOUL લીડરશિપ કોન્ક્લેવની પ્રથમ આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું અને સભાને સંબોધિત કર્યું.

### ન્યૂઝ બ્રિફ

## સૌરવ ગાંગુલીની કારને દુર્ગાપુર એક્સપ્રેસ-વે પર નડ્યો અકસ્માત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

પૂર્વ ભારતીય ક્રિકેટર સૌરવ ગાંગુલીની કાર દુર્ગાપુર એક્સપ્રેસ વે પર એક અકસ્માતનો ભોગ બની. સૌરવ ગાંગુલી જ્યારે એક કાર્યક્રમમાં ભાગ લેવા માટે બર્દવાન જઈ રહ્યા હતા ત્યારે તેમની કારને આ અકસ્માત નડ્યો હતો. સદભાગ્યે તે બચી ગયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર દંતનપુર પાસે એક ટ્રક અચાનક તેમના કાફલા સામે આવી ગયો હતો, જેથી સૌરવ ગાંગુલીના કાર ડ્રાઈવરે અચાનક બ્રેક લગાવવી પડી હતી. તેના લીધે પાછળ આવી રહેલી ગાડીઓ પરસ્પર ટકરાઈ હતી અને તેમાં એક ગાડી સૌરવ ગાંગુલીની કાર સાથે પણ ટકરાઈ હતી. આ અકસ્માતમાં સૌરવ ગાંગુલી અને તેમના કાફલામાં સામેલ કોઈપણ વ્યક્તિને ઈજા પહોંચી નથી. પરંતુ સૌરવ ગાંગુલીના કાફલાની બે ગાડીઓને નુકસાન પહોંચ્યું છે. અકસ્માત બાદ સૌરવ ગાંગુલીને લગભગ ૧૦ મિનિટ સુધી રસ્તા પર રાહ જોવી પડી હતી, ત્યારબાદ તે કાર્યક્રમ માટે રવાના થયા હતા અને બર્દવાન યુનિવર્સિટીમાં તેમણે આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

## અમેરિકામાં મહાછટણી કે ધનિકોને તપાસથી બચાવવા પ્રયાસ



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧ ।

અમેરિકામાં મોટા પાયે છટણીનો તબક્કો શરૂ થયો છે. હવે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિર્ણય બાદ ઈન્ટરનલ રેવન્યુ સિસ્ટમના ૬ હજારથી વધુ કર્મચારી નોકરી ગુમાવી શકે છે. નિષ્ણાતો આ છટણી પર ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. તેમનું એમ પણ કહેવું છે કે આવું એટલા માટે કરવામાં આવી રહ્યું છે જેથી IRS અમીરોના કેસોની તપાસ ન કરી શકે. અહેવાલો અનુસાર, IRSએ ગુરુવારે (૨૦મી ફેબ્રુઆરી) લોકોને જાણ કરી હતી કે લગભગ ૬,૦૦૦ કર્મચારીઓને છૂટા કરવામાં આવશે. ખાસ વાત એ છે કે આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે અમેરિકામાં ટેક્સ ફાઈલિંગ પ્રક્રિયા ચાલી રહી છે. IRS અધિકારી ક્રિસ્ટી આર્મસ્ટ્રોંગે જણાવ્યું હતું કે, 'અમે ૬,૦૦૦ કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકીશું.' નોંધનિય છે કે, ટ્રમ્પે સરકારી ખર્ચ ઘટાડવાનું કામ DOGE વિભાગને સોંપ્યું છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ખર્ચમાં કાપ મૂકવા માટે આ પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

### મહત્તમ સાથે લઘુતમ તાપમાન પણ વધ્યું, ઠંડી જાણે ગાયબ

# ઠંડીના અંતિમ તબક્કામાં ગરમીનો માહોલ : તાપમાન ૩૫ ડિગ્રી આસપાસ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

ફેબ્રુઆરી મહિનામાં ઠંડી તેના અંતિમ તબક્કામાં હોય છે જોકે, આ વર્ષે ઠંડી જામી જ નથી અને હાલ ઠંડીની જગ્યાએ ગરમીનો માહોલ છવાયો છે. રાજ્યના વિવિધ શહેરના મહત્તમ તાપમાન વધી ૩૫ ડિગ્રી સુધી પહોંચી જતા બપોરે ગરમી વર્તાઈ રહી છે. છેલ્લા ઘણા દિવસોથી મહત્તમની સાથે સાથે લઘુતમ તાપમાન પણ વધી રહ્યું છે જેના કારણે ઠંડી જાણે ગાયબ જ થઈ ગઈ હોય તેવો માહોલ છવાયો છે. હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, તાપમાનમાં હાલ કોઈ મોટા ફેરફારો થવાની સંભાવના નથી, પરંતુ આગામી સમયમાં તાપમાનમાં વધારો થશે.હાલ પવનની દિશા ઉત્તર



પશ્ચિમથી પશ્ચિમની છે. જેની અસરથી તાપમાનમાં ફેરફારો થઈ રહ્યા છે. શિયાળો અંત તરફ છે અને આ કુદરતી પ્રક્રિયા છે, આગામી સમયમાં તાપમાનમાં વધારો થશે. જે રીતે લઘુતમની સાથે મહત્તમ તાપમાનમાં વધારો થઈ રહ્યો છે તેના કારણે રાતના સમયે રહેતા તાપમાનમાં પણ વધારો નોંધાઈ રહ્યો છે. હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે કે આગામી ૭ દિવસ દરમિયાન હવામાન સૂકું રહેવાની સંભાવના છે. ઉપરાંત મહત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફારની સંભાવનાઓ નથી, રાજ્યમાં ડાંગમાં સૌથી નીચું લઘુતમ તાપમાન ૧૩.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં લઘુતમ તાપમાન ૧૯ ડિગ્રી નોંધાયું છે. આ ઉપરાંત રાજ્યના વિવિધ શહેરના લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીની આસપાસ નોંધાતા વહેલી પરોઢે સામાન્ય ઠંડક વર્તાઈ હતી. જ્યારે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રીની આસપાસ રહેતા બપોરે ગરમીથી બચવા માટે પંખાનો સહારો લેવો પડ્યો હતો. અમદાવાદ તથા આસપાસના વિસ્તારોમાં આકાશ સાફ રહેવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

### ૧૬૦૦૦થી વધુના મોતથી હાહાકાર

# અમેરિકામાં ફ્લૂનો કહેર, એક વર્ષમાં ૨.૯ કરોડ કેસ નોંધાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

રહસ્યમય બીમારીએ અમેરિકનોનો ભરડો લીધો છે. ૮મી ફેબ્રુઆરી સુધી ૨૦૨૪-૨૫ની ફ્લુ સીઝનમાં સીડીસીના અંદાજ મુજબ રાષ્ટ્રવ્યાપી ધોરણે ૨.૯ કરોડ કેસ નોંધાયા છે અને તેમા ૩૭૦૦૦૦નું હોસ્પિટલાઈઝેશન કરવામાં આવ્યું છે. આ ફ્લુ સીઝનમાં ૧૬ હજારથી પણ વધુના મોત થયા છે. અમેરિકામાં છેલ્લા દાયકામાં ફ્લુથી થયેલા મોતનો આંકડો પહેલી વખત આ સ્તરે પહોંચ્યો છે. તેથી તંત્ર સ્તબ્ધ છે. ડોક્ટરોને મુખ્યત્વે ઈન્ફ્લુએન્ઝાના બે પ્રકાર એચવનએનવન અને એચ૩એન૨ને લઈને ચિંતા છે. સીડીસીએ જણાવ્યું હતું કે ફ્લુનું પ્રમાણ વધતા હોસ્પિટલાઈઝેશન અને મોતનું પ્રમાણ



વધી રહ્યું છે. તેની પેટર્નના લીધે ચેપનું જોખમ વધી જાય છે. કેલિફોર્નિયા પ્રાતમાં પહેલી જુલાઈથી ફ્લુના ૫૬૧ કેસ નોંધાયા છે અને ૬૫થી ઉપરના જ તેનો ભોગ બન્યા છે. આ સીઝનમાં પીડિયાટ્રિક ફ્લુથી દસ બાળકોના મોત થયા છે, જ્યારે ત્રણ પીડિયાટ્રિક ડેથ થયા છે.અમેરિકામાં કેલિફોર્નિયામાં ફ્લુના આંકડાએ કોવિડથી થયેલા મોતના આંકડાના વટાવી દીધા છે. ફ્લુના કેસોમાં અચાનક આવતા અમેરિકન હોસ્પિટલો પર દબાણ વધી ગયું છે.સીડીસીએ જણાવ્યું હતું કે ૨૦૧૭-૧૮ પછી ફ્લુની આ સીઝન લગભગ તમામ વયજૂથના લોકો માટે અત્યંત જોખમી નીવડી છે. આ વખતે વેક્સિનેશન રેટ ઐતિહાસિક રીતે નીચો છે ત્યારે ફ્લુના પ્રમાણમાં વધારો થયો છે. ફક્ત ૪૪ ટકા પુખ્તો અને ૪૬ ટકા બાળકોએ જ ફ્લુ શોટ લીધો છે. યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રીવેન્શન (સીડીસી)ના જણાવ્યા મુજબ કેલિફોર્નિયામાં લગભગ બધી હોસ્પિટલો ભરેલી છે, ક્લિનિકો પણ બાકી નથી. જ્યાં જુઓ ત્યાં ઈન્ફ્લુએન્ઝા જ છે. લગભગ ૭૦ ટકાથી વધારે રેસ્પિરેટરી વાઈરસ ઈન્ફ્લુએન્ઝા પોઝિટિવ જોવા મળ્યો છે.

### રાહુલ ગાંધીએ ૨૪ માર્ચે કોર્ટમાં હાજર થવું પડશે

# રાહુલ ગાંધીને ભારતીય સેના પર ટિપ્પણી કરવી ભારે પડી

## બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના પૂર્વ ડાયરેક્ટર ઉદય શંકર શ્રીવાસ્તવે કોંગ્રેસ નેતા વિરુદ્ધ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને ભારતીય સેના પર ટિપ્પણી કરવી ભારે પડી છે. લખનઉની એમપી-એમએલએ કોર્ટે સેના પર નિવેદન કરવા બદલ રાહુલ ગાંધી વિરુદ્ધ નોટીસ જારી કરી છે. કોર્ટના આદેશ મુજબ, રાહુલ ગાંધીએ ૨૪ માર્ચે કોર્ટમાં હાજર થવું પડશે. ભારતીય સેના વિરુદ્ધ અપમાજનક ટિપ્પણી કરવાના માનહાનીના કેસમાં રાહુલ ગાંધીને નોટિસ ફટકારવામાં આવી છે. બોર્ડર રોડ ઓર્ગેનાઈઝેશનના પૂર્વ ડાયરેક્ટર ઉદય શંકર શ્રીવાસ્તવે કોંગ્રેસ નેતા વિરુદ્ધ કોર્ટમાં ફરિયાદ દાખલ કરી છે. રાહુલ ગાંધીએ ૧૬ ડિસેમ્બર-૨૦૨૨માં ભારત જોડો યાત્રા દરમિયાન ભારતીય સેના પર વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. ફરિયાદ મુજબ રાહુલે પત્રકારોને કહ્યું હતું કે, '૨૦૨૨માં ૯મી ડિસેમ્બરે ચીની સૈનિકો દ્વારા ભારતીય સૈનિકોને માર મારવા મુદ્દે કોઈ કંઈ પૂછતું નથી.' રાહુલ ગાંધીએ નિવેદન આપ્યા બાદ ૧૨ ડિસેમ્બર-૨૦૨૨ના રોજ ભારતીય સેનાએ પણ વળતો જવાબ આપ્યો હતો. સેનાએ રાહુલના



નિવેદનનું ખંડન કર્યું હતું. સેનાએ સત્તાવાર નિવેદન આપ્યું હતું કે, 'ચીનની સેના અરૂણાચલ પ્રદેશમાં ગેરકાયદે ઘૂસી હતી, જેનો ભારતીય સેનાએ જડબાતોડ જવાબ આપ્યો અને ચીનની સેના પરત જતી રહી.' ફરિયાદીના જણાવ્યા મુજબ, તેઓ સેનાનું સન્માન કરે છે અને રાહુલ ગાંધીએ સેનાની મજાક ઉડાવી માનહાની કરી છે. કોર્ટે સુનાવણી હાથ ધર્યા બાદ રાહુલ ગાંધીને ૨૪ માર્ચે હાજર થવા નોટીસ ફટકારી છે. કોર્ટે રાહુલ ગાંધીને આરોપી તરીકે ૨૪ માર્ચે હાજર થવા આદેશ આપ્યો છે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ અગાઉ દાવો કર્યો હતો કે, 'સેનાના વડાએ એવું કહ્યું કે, લદાખ સેક્ટરમાં ઘૂસણખોરી થઈ હતી.' ત્યારબાદ સેનાના વડાએ કહ્યું કે, 'અમે ચીન સાથે વાતચીતથી રસ્તો આગળ વધાર્યો છે. બંને દેશો વચ્ચે વાતચીતથી તમામ શંકાઓ દૂર થશે.' કોંગ્રેસની ભારત જોડો યાત્રાના ૧૦૦ દિવસ પૂરા થવા પર રાહુલે જયપુરમાં પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે, 'કેન્દ્ર સરકાર ચીનના મુદ્દાને નજરઅંદાજ કરી રહી છે. તવાંગ મુદ્દાને છુપાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ભારત સરકાર ઉંઘી રહી છે અને ચીને યુદ્ધની તૈયારી કરી લીધી છે. ભારત સરકાર વ્યૂહાત્મક રીતે કામ કરતી નથી, તે ઘટનાના આધારે કામ કરે છે. જ્યારે ભૌગોલિક રાજકારણની વાત આવે છે, ત્યાં ઘટનાઓ કામ કરતી નથી, શક્તિ કામ કરે છે. ચીને ૨૦૦૦ ચોરસ કિલોમીટર જમીન પર કબજો જમાવ્યો છે, પરંતુ ચીન પર કોઈ સવાલ કરી રહ્યું નથી. ભારતના ૨૦ જવાનો શહીદ થયા હતા. ચીન અરુણાચલ પ્રદેશમાં આપણા જવાનોને માર મારી રહ્યા છે.'

### ગૂગલ પેએ પૈસા વસૂલવાનું શરૂ કર્યું

# યુપીઆઈ વાપરવા માટે હવે પૈસા ચૂકવવા પડશે

## એક વ્યકિત તેના દૈનિક વ્યવહારોમાં લગભગ ૬૦ થી ૮૦ ટકા યુપીઆઈનો ઉપયોગ કરે છે




। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

આજના સમયમાં યુપીઆઈ આપણા જીવનનો એક મહત્વપૂર્ણ ભાગ બની ગયું છે. એક વ્યકિત તેના દૈનિક વ્યવહારોમાં લગભગ ૬૦ થી ૮૦ ટકા યુપીઆઈનો ઉપયોગ કરે છે. આ જ કારણ છે કે ભારતમાં દરરોજ કરોડો યુપીઆઈ વ્યવહારો થઈ રહ્યા છે, જેના દ્વારા સેંકડો કરોડ પિયાના વ્યવહારો થઈ રહ્યા છે. જોકે દેશભરમાં ઘણી કંપનીઓ યુપીઆઈ દ્વારા ઓનલાઈન પેમેન્ટની સુવિધા પૂરી પાડે છે પરંતુ પેટીએમ, ગૂગલ પે અને ફોનપે સૌથી વધુ ઉપયોગમાં લેવાતી યુપીઆઈ પેમેન્ટ એપ્સ છે. આમાંની મોટાભાગની કંપનીઓ યુપીઆઈ વ્યવહારો માટે કોઈપણ પ્રકારની ફી નથી લેતી અને વ્યવહારો મફત છે પરંતુ હવે કદાચ આ મફત સેવાઓ લોકો માટે ટૂંક સમયમાં બધં થઈ શકે છે અને વિવિધ સેવાઓ માટે ફી ચૂકવવી પડી શકે છે.આ કંપનીઓ પહેલાથી જ યુપીઆઈ દ્વારા મોબાઈલ રિચાર્જ કરવા માટે અલગ અલગ નામો હેઠળ ફી વસૂલ કરી રહી છે પરંતુ હવે વસૂલાતની આ પ્રક્રિયા ફકત મોબાઈલ રિચાર્જ પૂરતી મર્યાદિત નહીં રહે અને તે વિસ્તરશે. ગુગલ પેએ તેની શઆત પણ કરી દીધી છે. અહેવાલ મુજબ, ગુગલ પેએ ગ્રાહક પાસેથી વીજળી બિલ ચૂકવવા માટે સુવિધા ફીના નામે ૧૫ પિયા વસૂલ્યા છે. રિપોર્ટ અનુસાર, યુઝરે તેના ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરીને ગુગલ પે દ્વારા વીજળી બિલ ચૂકવ્યું હતું. ગૂગલ પેએ આ વસૂલાતને ડેબિટ અને ક્રેડિટ કાર્ડ વ્યવહારો માટે પ્રોસેસિંગ ફી તરીકે વર્ણવી હતી અને તેમાં જીએસટીનો સમાવેશ થતો હતો. યુપીઆઈનો ઉપયોગ ફકત દુકાનોમાં ખરીદી માટે જ નહીં પરંતુ ઘણી અન્ય સેવાઓ માટે પણ થઈ રહ્યો છે.

# એક વર્ષમાં ૩૧ મહિલાઓ સહિત ૯૭૫ને આપી ફાંસી, દેખાવો કરનારને પણ મૃત્યુદંડ

। (એજન્સી) ઈરાન, તા.૨૧ ।

વિશ્વભરના અનેક દેશોમાં મૃત્યુ દંડની કાયદેસરતા અને નૈતિકતા પર સવાલો ઉઠી રહ્યા છે. જોકે ઈરાની સરકારની ક્રુરતાનો ભયાનક ડેટા સામે આવ્યો છે. રિપોર્ટ મુજબ ઈરાનની સરકારે ૩૧ મહિલા સહિત ૯૭૫ વ્યક્તિઓને મોતની સજા આપી છે. સરકારે ભયાનકતાની એવી હદ વટાવી છે કે, સામાન્ય બાબતમાં પણ લોકોને ફાંસી આપી રહી છે. ઈરાને વર્ષ ૨૦૨૪માં અનેક લોકોને મોતની સજા ફટકારી હોવાનું માનવ અધિકાર જૂથો ખુલાસો કર્યો છે. દાવા મુજબ



ઈરાને મૃત્યુદંડનો ઉપયોગ કરીને ઓછામાં ઓછા ૯૭૫ લોકોને મોત આપી છે. નોર્વે સ્થિત ઈરાન હ્યુમન રાઈટ્સ અને ફ્રાન્સના ટુગેધર અગેઈન્સ્ટ ધ ડેથ પેનલ્ટી (ECPM)એ કહ્યું કે, 'અમારા દ્વારા વર્ષ ૨૦૦૮માં ડેટા એકત્ર કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવ્યા બાદ વર્ષ ૨૦૨૪નો આ સૌથી ભયાનક ડેટા છે.' રિપોર્ટ મુજબ, ઈરાનમાં ૨૦૨૪માં મૃત્યુદંડનો ઉપયોગ કરવામાં ભયાનક વૃદ્ધિ થઈ છે. ઈરાનમાં રાજકીય ખુન્નસ કાઢવા માટે મૃત્યુદંડનો ઉપયોગ કરવામાં આવે છે. આઈએચઆરના નિદેશક મહમૂદ અમીરી મોગદ્દામે કહ્યું કે, 'ઈરાનની સરકારે પોતાની સત્તા જાળવી રાખવા માટે પોતાના લોકો વિરુદ્ધ મૃત્યુદંડનો ઉપયોગ કર્યો. ઈરાન-ઈઝરાયલ વચ્ચે યુદ્ધની સંભાવનાઓ દરમિયાન વર્ષના અંતિમ ત્રણ મહિનામાં સરેરાશ દૈનિક પાંચ લોકોને મૃત્યુદંડની સજા અપાઈ છે.' રિપોર્ટ મુજબ વર્ષ ૨૦૨૩માં મૃત્યુદંડના ૮૩૪ કેસ નોંધવામાં આવ્યા હતા, જોકે આ વર્ષે તેમાં ૧૭ ટકાનો વધારો થયો છે. વર્ષ ૨૦૨૪માં ૩૧ મહિલાઓ સહિત ૯૭૫ લોકોને મૃત્યુદંડ અપાયો, જેમાંથી ચાર લોકોને જાહેરમાં ફાંસી અપાઈ હતી.' માનવ અધિકાર જૂથે કહ્યું કે, ઈરાને સૌથી વધુ મોતની સજા આપવામાં ચીન જેવા ડિક્ટેટર દેશને પણ પાછળ છોડી દીધું છે. એવું કહેવાય છે કે, હત્યા, દુષ્કર્મ અને નશીલી દવાઓની હેરાફેરી જેવા કેસોમાં મૃત્યુદંડની સજા આપવામાં આવે છે. જોકે હવે ભ્રષ્ટાચાર અને વિદ્રોહ જેવા મુદ્દે પણ મૃત્યુદંડના મામલા વધ્યા છે. ગત વર્ષે વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા બે લોકોને મોતની સજા સંભળાવવામાં આવી હતી.

# ભારત સરકારના રેલ્વે અને ફૂડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીઝ રાજ્યમંત્રી રવનીતસિંહએ દાહોદ રેલવે ઇલેક્ટ્રોનિક લોકોમોટિવ પ્રોજેક્ટની મુલાકાત લીધી

## દાહોદમાં હાલમાં ૯૦૦૦ એચપીનું એન્જીન બનીને તૈયાર છે. માર્ચના અંતમાં દાહોદમાં જ તેનું ટ્રાયલ કર્યા બાદ પાટા પર દોડાવાશે : રાજ્યમંત્રી રવનીતસિંહ

। દાહોદ, તા.૨૧ ।

દાહોદમાં રેલ્વે પ્રોજેક્ટ અંતર્ગત ચાલી રહેલી કામગીરીના નિરીક્ષણ માટે ભારત સરકારના રેલ્વે અને ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ રાજ્યમંત્રીશ્રી રવનીતસિંહએ દાહોદની મુલાકાત દરમ્યાન રેલવે ઈલેક્ટ્રોનિક લોકોમોટિવ પ્રોજેક્ટની મુલાકાત લઈને સમગ્રતયા નિરીક્ષણ કર્યું હતું. ઈલેક્ટ્રિક લોકોમોટિવ એન્જિન કારખાનાનું નિરીક્ષણ કર્યું હતું. દાહોદ સાંસદ જશવંતસિંહ ભાભોર સાથે રેલ મંત્રી રવનીત સિંહ બિટ્ટુએ સિમેન્સ ઈન્ડિયા કંપની દ્વારા પી.પી.પી. ધોરણે શરૂ થયેલ એન્જિન કારખાના અને તેના પ્રોડક્શન યુનિટની મુલાકાત લીધી હતી.

આ મુલાકાત દરમ્યાન મંત્રીશ્રી રવનીતસિંહએ જરૂરી સૂચનો સહિત માર્ગદર્શન આપ્યું હતું. રેલ્વે અધિકારીશ્રીઓ દ્વારા ઈલેક્ટ્રોનિક લોકોમોટિવ





પ્રોજેક્ટ અંગેની પ્રાથમિક જાણકારી આપવામાં આવી હતી. તેમજ કર્મચારીઓની સેફટી માટે વપરાતા સેફટી શૂઝ, બેલ્ટ, હેલ્મેટ વિશેની સેફટી ગાઈડ લાઈન વિશે વિસ્તાર પૂર્વક માહિતી આપવામાં આવી હતી. મંત્રીશ્રી રવનીતસિંહએ સેફટીને ધ્યાને રાખીને વર્ક શોપનું આંતરિક નિરીક્ષણ કર્યું હતું. એ સાથે છેલ્લે મંત્રીશ્રી રવનીતસિંહ સહિત અન્ય મહાનુભાવો દ્વારા કારખાના કમ્પાઉન્ડમાં વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું. દાહોદમાં હાલમાં ૯૦૦૦ હોર્સ પાવરનું પાવર ફૂલ એન્જીન બનીને તૈયાર છે. માર્ચના અંતમાં દાહોદમાં જ તેનું ટ્રાયલ કર્યા બાદ પાટા પર દોડાવાશે એમાં કહેતા રેલ્વે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, તેની મહત્તમ સ્પીડ ૧૨૦ ની છે. આ એન્જીનથી માલ પરિવહનમાં મોટી સુવિધાઓ અને રોજગારી ઉભી થશે. હાલમાં એક એન્જીનના નિર્માણ બાદ સીમેન્સ કંપની દ્વારા અહીં ૩૪ ત્યાર બાદ ૬૦-૮૦ તેમજ ૨૦૩૫ સુધી વધુમાં વધુ એન્જીન બનાવવાનું લક્ષ છે. સિમેન્સ કંપનીના એક્સપર્ટ દ્વારા તૈયાર કરાયેલી પીપીપી સહિતની માહિતી મેળવી પ્રોડક્શન યુનિટની મુલાકાત લીધી હતી અને ઝીણવટભરી માહિતી મેળવી હતી. આ નિમિતે જિલ્લા કલેકટરશ્રી યોગેશ નિરગુડે, નિવાસી અધિક કલેકટરશ્રી જે. એમ. રાવલ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી રાઠોડ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી ભંડારી, પ્રાંત અધિકારીશ્રી મિલિન્દ દવે, રેલ્વેના સિનિયર અધિકારીશ્રીઓ સહિત સ્ટાફ, આર. પી. એફ. ટીમ સહિત અન્ય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં બાળક ૬૬,૦૦૦ રૂપિયાનું દેવું લઈને જન્મે છે

## ગુજરાતનું જાહેર દેવું ૩,૭૭,૯૬૩ કરોડને પાર પહોંચી ગયું છે, જેને લઈને વિપક્ષે સરકારને આડેહાથે લીધી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।

નાણાંમંત્રી કનુભાઈ દેસાઈએ ગુજરાત વિધાનસભામાં કુલ રૂ. ૩,૭૦,૨૫૦ કરોડનું બજેટ રજૂ કર્યું છે. આ ફાળવણી પાછળ પણ રાજકીય ગણિત હોવાનું દેખાઈ રહ્યું છે. ગુરુવારે રજૂ કરવામાં આવેલા બજેટમાં ગુજરાતની પ્રજાને રૂ. ૧૪૮ કરોડની નજીવી વેરારાહત આપવામાં આવી છે. પ્રજા પર કોઈ જ નવા વેરાનો બોજ નાખવામાં આવ્યો નથી પરંતુ ઐતિહાસિક બજેટ કરતાં ગુજરાતનું દેવું વધી ગયું છે. આજે ગુજરાતમાં જન્મ લેનાર પ્રત્યેક ગુજરાતી બાળક ૬૬,૦૦૦ રૂપિયાનું દેવું લઈને જન્મે છે. ગુજરાત રાજ્યનું જાહેર દેવું ૩,૭૭,૯૬૩ કરોડને પાર પહોંચી ગયું છે. જેને લઈને વિપક્ષે સરકારને આડેહાથે લીધી છે. કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે ગુજરાતના જાહેર દેવા અંગે પૂછેલા પ્રશ્નમાં સરકારે લેખિતમાં જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યનું જાહેર દેવું ૩,૭૭,૯૬૩ કરોડને પાર થયું છે. આ રકમ ગુજરાતના ૨૦૨૫-૨૬ના બજેટ કરતાં પણ વધારે છે. જાહેર દેવા પેટે ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં બે વર્ષમાં વ્યાજ પેટે ૨૫,૨૧૨ કરોડ ચૂકવ્યા છે, અને રૂ. ૨૬૧૪૯ કરોડ મુદ્દલ ચૂકવી છે. જ્યારે નાણાકીય સંસ્થાની લોન ૭ હજાર કરોડ, બજાર લોન ૫૧ હજાર કરોડ તેમજ કેન્દ્રીય લોન ૭ હજાર ૬૩૪ કરોડની ચાલુ છે. જ્યારે ૨૦૨૨-૨૦૨૩ના વર્ષમાં ગુજરાત સરકારે જાહેર દેવા પેટે ૨૩૪૪૨ કરોડનું વ્યાજ ચૂકવ્યું હતું જ્યારે ૨૨૧૫૯ કરોડની મુદ્દલ ચૂકવી દેવામાં આવી હતી. ગુજરાત સરકારના જાહેર દેવા મુદ્દે કોંગ્રેસ સરકારે ભાજપને ઘેરતાં આકરાં પ્રહાર કર્યા હતા. કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ નિશાન સાધતાં કહ્યું હતુ કે સરકારી નીતિ દેવું કરીને ઘી પીવા જેવી છે. સરકારે ઉત્સવો, તાયફા કરવા માટે લોન લઈને દેવું કર્યું છે. ગુજરાતની જનતા માથે સતત દેવું વધી રહ્યું છે. ૬ કરોડની વસ્તી ગણીએ તો એ મુજબ પ્રતિ વ્યક્તિ પ્રતિ ગુજરાતીના માથે ૬૬,૦૦૦ રૂપિયાનું દેવું છે. આ મુજબ ગુજરાતમાં જન્મતું બાળક ૬૬,૦૦૦ના દેવા સાથે મોટું થાય છે. એ જ રીતે ૨૦૨૫-૨૬નો જે અંદાજ રજૂ કરવામાં આવ્યો છે તે મુજબ દેવું વધીને ૪ લાખ ૫૫ હજાર ૫૩૭ કરોડ થશે. જ્યારે ૨૦૨૬-૨૦૨૭ના અંતે દેવું વધીને ૪ લાખ ૭૩ હજાર ૬૫૧ કરોડ થશે. ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકારની આવકમાં અધધધધ વધારો થઈ રહ્યો હોવા છતાં તેની નાણાંકીય સ્થિતિ કથળી રહી છે. ૨૦૧૦માં ૩૭૦૦૦ કરોડ રૂપિયાના બજેટનું કદ આજે વધીને ૩,૭૦,૨૫૦ કરોડ રૂપિયાનું થઈ ગયું હોવા છતાંય ગુજરાત દેવાના ડુંગર તળે કચડાઈ રહ્યું છે. રાજ્યની આવક કરતાં જાવક વધારે હોવાથી સતત દેવામાં ઊંડું ખૂપતું જ જશે. ગુજરાત આ દેવામાંથી ક્યારેય બહાર આવી શકશે નહીં.

## ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું

# આઈપીએસ અધિકારીઓની ૨૦૮ જગ્યાઓ પૈકી ૧૯૮ જગ્યા ભરાયેલી

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૧ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં મહિલાઓને વિશેષ જવાબદારી આપવામાં આવી રહી છે. પોલીસ ભરતી બોર્ડ, ગૃહ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી, અમદાવાદ સાયબર ક્રાઈમ જેવી અનેક મહત્વની જગ્યાઓ પર મહિલા આઈપીએસ અધિકારી જવાબદારી નિભાવી રહ્યા છે. રાજ્યમાં આઈ.પી. એસ. અધિકારીઓના મંજૂર મહેકમ સંદર્ભે વિધાનસભા ગૃહમાં પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, તા.૩૧મી ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ રાજ્યમાં IPS અધિકારીઓની કુલ ૨૦૮ જગ્યાઓ મંજૂર થયેલી છે. તે પૈકી ૧૯૮ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૦ જગ્યાઓની ઘટ છે. તેમાં પણ ગત મહિને એક જગ્યા ભરાતા હવે ૯ જગ્યાઓની ઘટ છે. બાકી



રહેલી જગ્યાઓ પણ ઝડપથી ભરી દેવામાં આવશે. રાજ્યના કેટલા IPS અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે તે સંદર્ભે પૂછાયેલા પૂરક પ્રશ્નનો ઉત્તર આપતા મંત્રીએ ઉમેર્યું કે, કેન્દ્રીય નીતિ મુજબ રાજ્યમાંથી ૪૫ આઈ.પી.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર હોય શકે તેની સામે ગુજરાત રાજ્યમાંથી માત્ર ૨૪ જ IPS અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન ઉપર છે. રાજ્યમાં મહિલા IPS અધિકારીઓની સંખ્યા અને તેમને આપવામાં આવતી જવાબદારીમાં ભેદભાવના આક્ષેપ અંગે પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્યમાં મહિલાઓને વિશેષ જવાબદારી આપવામાં આવી રહી છે. ગુજરાતમાં પોલીસ ભરતીની સમગ્ર પ્રક્રિયા કરવાની મહત્વની કામગીરી એક મહિલા આઈ.પી.એસ. અધિકારી ડૉ.નીરજા ગોટરું સાંભળી રહ્યા છે. ગૃહ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીની મહત્વની જવાબદારી એક મહિલા આઈ.પી.એસ. અધિકારી નિપુણા તોરવણે સાંભળી રહ્યા છે. તે ઉપરાંત ૩ હજાર કિમી દૂરથી ગુજરાતના સીસીટીવી હેક કરનાર લોકોને ગણતરીના કલાકમાં શોધી લેનાર પણ અમદાવાદ સાયબર ક્રાઈમના મહિલા આઈપીએસ અધિકારી ડૉ.લવીના સિન્હા છે.

## સોમવારે ગ્રામ્ય કોર્ટમાં વધુ સુનાવણી યોજવામાં આવશે

# ખ્યાતિકાંડ: હોસ્પિટલના ડાયરેક્ટર રાજશ્રી કોઠારીની જામીન માટે અરજી

## રાજશ્રી કોઠારીએ કરેલી જામીન અરજીમાં એવી રજૂઆત કરી છે કે, તેમની સામે ફરિયાદમાં દર્શાવ્યા મુજબનો કોઈ ગુનો બનતો નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

વસ્ત્રાપુર પોલીસ મથકે ખ્યાતિ હોસ્પિટલ કાંડમાં નોંધાયેલી ફરિયાદમાં તપાસ ક્રાઈમ બ્રાન્ચને સોંપાતા ક્રાઈમ બ્રાન્ચે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરી છે ત્યારે આરોપી પૈકી ખ્યાતિ હોસ્પિટલની ડિરેક્ટર રાજશ્રી કોઠારીએ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં જામીન અરજી દાખલ કરી છે. જેના પર સોમવારે અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં સુનાવણી હાથ ધરાશે. નોંધનીય છે કે, અગાઉ રાજશ્રી કોઠારી દ્વારા અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરવામાં આવી હતી, જેને કોર્ટે નકારી દીધી હતી. જેના પગલે તેઓ પોલીસ સમક્ષ હાજર થતા પોલીસે તેમની ધરપકડ કરી જેલમાં મોકલી આપ્યા હતા. રાજશ્રી કોઠારીએ કરેલી જામીન અરજીમાં એવી રજૂઆત કરી છે કે, તેમની સામે ફરિયાદમાં દર્શાવ્યા મુજબનો કોઈ ગુનો બનતો નથી. અરજદાર કોઈ ડોક્ટર નથી કે ખ્યાતિ હોસ્પિટલમાં શેર ધારક નથી. ખ્યાતિ હોસ્પિટલને ચલાવવાની તેની કોઈ જવાબદારી પણ નથી. ખરેખરમાં અરજદારનો પતિ અને ડો. સંજય પટોળીયાનો પુત્ર ખ્યાતિ હોસ્પિટલમાં શેર ધારક છે પરંતુ, તેઓ આરોપી નથી. તે ફક્ત ખ્યાતિની ડિરેક્ટર હોવાથી તેની સામે ફરિયાદ નોંધવામાં આવી છે. ડિરેક્ટર તરીકે તેને કોઈ વળતર મળ્યું નથી. તે પોતે ડોક્ટર ન હોવાથી તેણે કોઈ સર્જરી પણ કરી નથી. તેને ખ્યાતિની કોઈ મિટિંગમાં પણ ભાગ લીધો નથી. ચાર્જશીટ જોવામાં આવે તો તેમની સામે કોઈ જ આક્ષેપ નથી અને કોર્ટ પાસે જામીન આપવાની સત્તા છે, કોર્ટ જામીન આપે તો તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે તેથી જામીન આપવા જોઈએ. આ કેસમાં વસ્ત્રાપુર પોલીસ મથકમાં જુદી જુદી ત્રણ ફરિયાદો નોંધાઈ છે. જે પૈકી કેસ નંબર ૪૭૮-૨૪માં રાહુલ જૈન સહિતના આરોપીઓની ધરપકડ કરાઈ છે અને તેમાં પોલીસે તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ પણ કરી છે. જો કે, ત્યારબાદ નોંધાયેલા કેસ નંબર ૪૭૯, ૪૮૦-૨૦૨૪માં પોલીસે હજુ એક પણ આરોપીઓની ટ્રાન્સફર વોરંટના આધારે ધરપકડ કરી નથી.

# અંતરિયાળ ગામોને મળશે પાણી પુરવઠા યોજનાનો લાભ

## ૧૪ જિલ્લાના ડુંગરાળ અને અંતરિયાળ ગામોમાં પાણી મળી રહે તે માટે અંબાજીથી ઉમરગામ સુધી વિવિધ પાણી પુરવઠા યોજનાઓ વિશે જાહેરાત કરી હતી

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાત રાજ્યનું ૨૦૨૫નું બજેટ ગુરૂવારે (૨૦ ફેબ્રુઆરી) નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. જેમાં રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં લોકોને ગુણવત્તાયુક્ત પીવાનું પાણી મળી રહે તે અંગે વ્યવસ્થા કરવામાં આવશે.

રાજ્યના આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લાના ડુંગરાળ અને અંતરિયાળ ગામોમાં પાણી મળી રહે તે માટે અંબાજીથી ઉમરગામ સુધી વિવિધ પાણી પુરવઠા યોજનાઓ વિશે જાહેરાત કરી હતી. નાણાંમંત્રીના જણાવ્યા અનુસાર, આદિવાસી વિસ્તારના ડાંગ જિલ્લાના કુલ ૨૭૬ ગામો તથા ૩ શહેરોનો સમાવેશ કરતી ડાંગ જિલ્લાના જૂથ પાણી પુરવઠા યોજના અંતર્ગત અંદાજિત ૮૬૬ કરોડ રૂપિયાના કામ પ્રગતિ હેઠળ છે.

આ સાથે સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભવિષ્યની પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા તેમજ નર્મદા આધારિત માળિયા તથા વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ ઉપરનો આધાર ઘટાડવા માટે ઢાંકીથી માળિયા, ઢાંકીથી નવાડા અને ધરાઈ-ભેંસાણ બલ્ક પાઈપલાઈનનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોજના અંતર્ગત ઢાંકીથી માળિયા સુધીની નવીન ૧૨૦ કિ.મી લંબાઈની બલ્ક પાઈપલાઈનના અંદાજિત ૧૨૦૦ કરોડ રૂપિયા કામોનું આયોજન કરવામાં આવશે. આ સિવાય, અમદાવાદ, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર જિલ્લાઓ માટે ઢાંકીથી નાવડા સુધીના ૯૭ કિ.મી બલ્ક પાઈપલાઈનના અંદાજિત ૧૦૪૪ કરોડ રૂપિયાના કામ પ્રગતિ હેઠળ છે. જૂનાગઢ જિલ્લા માટેની ધરાઈથી ભેંસાણ સુધીની ૬૩ કિ.મી લંબાઈની બલ્ક પાઈપલાઈનના અંદાજિત રકમ ૩૯૨ કરોડ રૂપિયાના કામ પ્રગતિ હેઠળ છે. ગાંધીનગર ખાતે સેન્ટ્રલ મોનિટરીંગ સ્ટેશન દ્વારા રીયલ ટાઈમ મોનિટરીંગ કરવા માટે કુલ ૨૨૬૩ સ્માર્ટ વોટર ફ્લોમીટર અને ૫૦૦ ઓનલાઈન ક્વોલિટી એનાલાઈઝર લગાડવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લાના ૫૩ તાલુકાના ગામોની આંતરિક પાણી પુરવઠા યોજનાઓની સુચારુ મરામત અને નિભાવણી થાય તે માટે તથા ગ્રામ પંચાયતો દ્વારા પાણી વેરાની મહત્તમ વસૂલાત કરવામાં આવે તે માટે પ્રોત્સાહક રકમ આપવા ૬૩ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. પીવાના પાણીની ગુણવત્તા અને નિયમનને વધુ સુદ્રઢ કરવા માટે તાલુકા કક્ષાએ ૧૦ નવીન લેબોરેટરીઓની સ્થાપના તેમજ હાલની લેબોરેટરીઓ માટે ૧૬ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

## ન્યૂઝ બ્રિફ

### ખાનગી મિની બસ અને ટ્રકનો અકસ્માત, ૭ના મોત

। (એજન્સી) કચ્છ, તા.૨૧ ।

કચ્છમાં ગમખ્વાર અકસ્માતની ઘટના બની છે. પશ્ચિમ કચ્છમાં કેરા મુન્દ્રા રોડ ઉપર આ ભયંકર અકસ્માતની ઘટના બની છે. ખાનગી ટ્રાવેલ્સની મિની લકઝરી બસ અને ટ્રેલર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાતા ૭ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. જ્યારે કેટલાક મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. ઘાયલ થયેલા લોકોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. મૃત્યુ આંક વધવાની શક્યતા છે. ખાનગી બસમાં ૪૦ લોકો સવાર હતા. કચ્છમાં ખાનગી બસ અને ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ટ્રક અને બસ સામસામે આવી જતા આ ઘટના બની હોવાની વાત સામે આવી છે, કેરા-મુંદ્રા રોડ પર આ ગંભીર અકસ્માત સર્જાયો હતો જેના કારણે પોલીસના ઉચ્ચ અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચ્યા હતા, પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને વધુ તપાસ હાથ ધરી છે. ,ત્યારે પોલીસે સમગ્ર ઘટનાને લઈ આસપાસના લોકોના નિવેદન લીધા છે.

### ઇડરની વુમન્સ હોસ્પિટલનાં 3 સોનોગ્રાફી મશીન સીલ

। (એજન્સી) હિંમતનગર, તા.૨૧ ।

સાબરકાંઠા જિલ્લામાં કેટલાક લેભાગુ તબીબો નાણાં કમાવાની લ્હાયમાં ગેરકાયદે ગર્ભપરીક્ષણ અને ગર્ભપાત કરી મહિલાઓના જીવને જોખમમાં મુકતા હોવાની વ્યાપક ફરિયાદો બાદ ફરી એક વખત જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા ઈડરની લક્ષ્મી વુમન્સ હોસ્પિટલમાં તપાસ કરવામાં આવી હતી. જે દરમિયાન હોસ્પિટલમાં રાખવામાં આવેલા ત્રણ સોનોગ્રાફી મશીન સીલ કરવામાં આવ્યા હતા. જોકે હાલ તો આરોગ્ય વિભાગે માત્ર નોટિસ આપી ખુલાસો માંગીને કાર્યવાહી કરવામાં આવી હોવાનું સુત્રોએ જણાવ્યું છે. આ અંગેની વિગત એવી છે કે, ઈડર બસ સ્ટેન્ડથી થોડેક દુર આવેલી લક્ષ્મી વુમન્સ હોસ્પિટલની જિલ્લાની આરોગ્ય વિભાગની ટીમે અગાઉથી મળેલી બાતમી મુજબ, પોલીસ બંદોબસ્ત સાથે પહોંચી ગઈ હતી. ત્યારબાદ સતત સાડા ત્રણ કલાક સુધી હોસ્પિટલમાં તપાસ કરાઈ હતી. જેમાં ગર્ભપરિક્ષણ કરવા માટે ઉપયોગમાં લેવાયેલા ત્રણ મશીનોની હાલત શંકાસ્પદ જણાતા તરત જ સીલ કરી દેવામાં આવ્યા હતા.

### કંથારિયા ગામે ૫૫ વર્ષીય યુવકને આવ્યો હાર્ટ એટેક

। (એજન્સી) ભરૂચ, તા.૨૧ ।

હાર્ટ એટેક યમની જેમ લોકોના જીવ પર ત્રાટકી રહ્યો છે. માણસોને અચાનક ક્યારે મોત આવી જાય છે તે ખબર જ પડતી નથી. કોઈ વિચારી ન શકે તેવી ઘટના ભરૂચ શહેરમાં બની છે.ભરૂચના કંથારીયા ગામના ૫૫ વર્ષીય વ્યક્તિનું મોપેડ પર હાર્ટએટેકના કારણે મોત નિપજ્યું છે. આધેડ મોપેડ ઉભું રાખી મિત્ર સાથે વાત કરી રહ્યા હતા એ દરમ્યાન હૃદયરોગનો હુમલો આવતા ત્યાં જ ઢળી પડ્યા હતા. સમગ્ર ઘટના નજીકમાં લગાવવામાં આવેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. કંથારીયા ગામના મહેબૂબ સુલેમાનનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું છે. ગુજરાતમાં ચિંતાજનક રીતે હાર્ટ એટેકની ઘટનાઓ વધી રહી છે. સૌથી ડરામણી માહિતી એ છે કે, રાજ્યમાં દર ૭ મિનિટે એક વ્યક્તિ હાર્ટ એટેકનો ભોગ બની રહી છે. જી હા, ૧૦૮ ઈમરજન્સીના આંકડામાં આ મોટો ખુલાસો થયો છે. આંકડા કહે છે કે, ગુજરાતમાં દર ૭ મિનિટે હૃદયરોગનો એક વ્યક્તિ ભોગ બને છે. એટલે કે, હાર્ટ એટેક તો કોરોના કરતા પણ ખતરનાક કહી શકાય. ગુજરાતીઓએ કોરોનાથી નહિ, પરંતું હાર્ટ એટેકથી સાવચેત રહેવાની જરૂરી છે. હાર્ટ એટેક માટે લાઈફસ્ટાઈલ, ફાસ્ટફૂડ, માનસિક તણાવ જવાબદાર છે.

# કડીમાં વેપારી પાસે રૂ. ૩.૭૫ કરોડનો હવાલો, ખંડણી માંગનાર ૯ સામે ગુનો

। (એજન્સી) મહેસાણા, તા.૨૧ ।

કડીમાં છેલ્લા ૨૪ વર્ષથી માર્કેટયાર્ડમાં ચા-ખાંડનો વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીને રૂ. ૩.૭૫ કરોડના હવાલાના બહાને નાણાં પડાવવા તેમજ ખંડણી માંગી હંગામો મચાવી પરિવારનું અપહરણ કરી જાનથી મારી નાંખવાની ધમકી મળતા ચકચાર મચી જવા પામી છે. કડી પોલીસે વેપારીની ફરિયાદના આધારે ત્રણ નામજોગ સહિત નવ સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.કડીના રેલવે સ્ટેશન રોડ પર આવેલી મહેશ્વરી સોસાયટીમાં પરિવાર સાથે રહેતા અને માર્કેટયાર્ડમાં છેલ્લા ૨૪ વર્ષથી કરણ એન્ટપ્રાઈઝ નામથી ચા-ખાંડનો વ્યવસાય કરતા રજનીકાન્ત બિહારીલાલ રાઠીને ગત ૨૫મી જાન્યુઆરીએ જયેન્દ્રસિંહ સોલંકી નામના શખ્સનો ફોન આવ્યો હતો. જેમાં તેણે ધરતીસિટીવાળા કનુભાઈ પટેલ પાસેથી લીધેલા રૂ. ૩.૭૫ કરોડના હવાલાના નાણાં આપવાની ઉઘરાણી કરી હતી. ઉપરોક્ત વાતને વેપારીએ નકારતાં ફોન ઉપર સામેવાળા વ્યક્તિએ ગાળો બોલી હાથ-પગ ભાગી નાંખવાની ધમકી આપી હતી.વેપારીની માતાનું અવસાન થયા બાદ ગત ૧૦મી ફેબ્રુઆરીએ રાત્રે જયેન્દ્રસિંહ સોલંકી (ભોયણી, દેત્રોજ-રા, અમદાવાદ ગ્રામ્ય), મુકેશ દેસાઈ (પિયજ, તા. કલોલ) તેમજ દેવા દેસાઈ સહિત ૯ શખ્સો ત્રણ જેટલા વાહનમાં તેમના ઘરે આવી ભારે હંગામો મચાવ્યો હતો.

## LCB સ્કવોડે આરોપીની ધરપકડ કરી નારોલ પોલીસને સોંપ્યો

# જૂના ઝઘડાની અદાવતમાં યુવકે મિત્રને તલવારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતાર્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

નારોલના રંગોલીનગરમાં જૂની અદાવતમાં લીધે મિત્રે અન્ય મિત્રને તલવારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. એક અઠવાડિયા અગાઉ આરોપી અને મૃતક વચ્ચે સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. જેની અદાવત રાખીને મંગળવાર રાત્રે આરોપીએ તેના મિત્રને રંગોલીનગર ટોરેન્ટ પાવરની સામે આવેલા ખુલ્લા મેદાનમાં મળવા માટે બોલાવી તકરાર કરી તલવારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ મામલે ઝોન-૬ એલસીબી સ્કવોડે હત્યારાની ધરપકડ બાદ પૂછપરછમાં તેણે કહ્યું હતું કે, “સાહેબ હું ધ્રુવેન્દ્રસિંહને મારતો નહીં તો આવતીકાલે તે મને મારી નાંખતો”રંગોલીનગરમાં રહેતા ૫૩ વર્ષીય વૃદ્ધ રાજાસિંહ રાજાવત ખાનગી કંપનીમાં સિક્યોરિટી ગાર્ડ તરીકે નોકરી કરે છે. તેમની દીકરી વકીલાતનો અભ્યાસ કરે છે અને તેમનો દીકરો ગોડાઉનમાં નોકરી કરે છે.

મંગળવાર રાતે વૃદ્ધ તેમની નોકરીએથી પરત ઘરે આવી રહ્યા હતા ત્યારે તેમના મોબાઈલ પર પોલીસનો ફોન આવ્યો હતો અને કહ્યું કે, રંગોલીનગર ટોરેન્ટ પાવરની સામેના મેદાનમાં તમારા દીકરાને ગંભીર ઈજા થઈ છે. વૃદ્ધ પિતા દીકરાના સમાચાર સાંભળીને હાંફળા ફાંફળા ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે તેમનો ૨૩ વર્ષનો દીકરો ધ્રુવેન્દ્રસિંહ મરણ પથારીએ પડ્યો હતો. સમગ્ર ઘટના અંગેની જાણકારી મળતા સામે આવ્યું કે, રંગોલીનગરમાં રહેતો રવિ ઉર્ફે બાપુ બોરાણા સાથે દીકરાને અઠવાડિયા અગાઉ કોઈ બાબતે તકરાર થઈ હતી. આ વાતની અદાવત રાખીને આરોપી રવિએ તેના જ મિત્ર ધ્રુવેન્દ્રસિંહને એક પછી એક તલવારના ઘા ઝીંકીને કાસળ કાઢી નાંખ્યું હતું. જોકે, આ મામલે તપાસ કરી રહેલી નારોલ પોલીસે અલગ અલગ ટીમો બનાવી આરોપીની ભાળ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા.